RNI NO. GUJGUJ/2015/64872

ધી ઓપન પેજ

SINCE - 1968

વિદ્યાર્થીઓનુ પોતાનું શૈક્ષણિક સામાયિક

EDITOR: ARCHIT LABHUBHAI BHATT

MONTHLY NEWS PAPER

Vol.No-2, Issue No-11 | Ahmedabad, Monday 05/06/2017 | www.theopenpage.co.in | Page -12 | Price: ₹30/- | Annual Subsription: ₹360/-

From, The Open Page, 4th Floor Vishwa Arcade, Opp. Kum-Kum Party Plot, Nr. Akhbarnagar, Nava Wadaj, Ahmedabad - 380013 | Ph : 079-27621385/86

આ અંકમાં શું વાંચશો?

ફાધર્સ ડે... ૨

ટીચર અમારે ગૃહકાર્ય શા માટે કરવું જોઇએ ? 3

સમુદ્રની દુનિયા ૪

બેક ટુ સ્કૂલ ૬-૭

"બાળકના વક્તૃત્વ કલા વિકાસમાં સમાજના વિવિધ આયામોની ભૂમિકા" ૮

ફી રેગ્યુલેશન કમિટિ કે ફ્રીડમ રેગ્યુલેશન કમિટિ?

ગુજરાત કરશે ફેંસલો!

આપણો ભારત દેશ અઢળક પ્રગતિશીલ બદલાવોનો સાક્ષી છે. દેશના દરેક ખૂંણામાં ઘણા બદલાવો અવાર – નવાર નજરે ચઢે છે. અને આપણી ભાવિ પેઢી એક નવો જ ભારત દેશ નિહાળશે તેવી આશા છે. આવા જ એક બદલાવોમાંના એકમાંથી હાલમાં આપણું ગુજરાત રાજ્ય પસાર થઈ રહ્યુ છે. 'ફી રેગ્યુલેશન કમિટિ' નામનો એક આઘાત જનક બદલાવ ગુજરાતની પ્રજા હાલ જોઈ રહી છે.

શાળાઓ અત્યારે 'માફીયા' તરીકે જાણીતી થઈ છે. 'સ્વછંદી' નામે લોકો બોલાવતા થયા છે. 'ઘમંડી અને લાલચુ' જેવા સંબોધનો પણ લગાવવામાં લોકો પાછા નથી પડતા. આ તે જ શાળાઓના નામો છે જેમને આપણી સંસ્કૃતિ મંદિર, જ્ઞાન પ્રાપ્તિનું સોપાન તેમજ બાળકો માટેનું બીજુ ઘર જેવા નામે બિરદાવાતી હતી.

રવી જોષી, એક સાતમાં ધોરણનો વિદ્યાર્થી આજે તેની માતાને પૂછે છે કે શુ અમારી શાળામાં આવતા ભણતરની ગુણવત્તા ઘટી જશે ? ૧૧માં ધોરણની એક વિદ્યાર્થીની આજે ઘાઢ મુંઝવણમાં જણાઈ કારણકે તેને જાણવા મળ્યું કે તેની શાળાના જુના અને કાર્યદક્ષ શિક્ષકો હવે નવા બિન અનુભવી શિક્ષકો સાથે બદલવામાં આવશે એનુ કારણ છે કે તેમની શાળા હવે જુના શિક્ષકોના પગારનો ભાર ઉઠાવવા સક્ષમ નથી. અદનાન શેખ નામનો ૧૦માં ધોરણનો છોકરો તેના પિતાને આજીજી કરતો નજરે પડ્યો કે તેને શાળાકિય શિક્ષણ માટે હવે દેશ બહાર મોકલો કેમકે સંચાલકો હવે શાળાનું બંધારણ વધારવા સક્ષમ નહી હોય. ધોરણ ૮ની એક વિદ્યાર્થીની હાર્દી ભાવસારની લાગણીઓ આજે દુભાયેલી જણાઈ. કારણકે તેણે લોકોને વાતો કરતા સાંભળ્યા છે કે તેની શાળા કદાચ બંધ થઈ જશે અને તેને નજીકની અન્ય શાળામાં પ્રવેશ લેવો પડશે.

એફ.આર.સી ! શું શૈક્ષણિક માળખુ ફી ધોરણ પર માપવુ બરોબર છે કે ભણતરની ગુણવત્તા ચકાસવા પર ? શું એફ.આર.સી વ્યાજબી કરે છે. જે શાળાના શિક્ષકો અને બાળકોનો રેશિયો ફરજીયાત બનાવીને મુક્તપણે ભણાવવાના વાતાવરણ નષ્ટ કરે છે ? શું FRC શાળાઓને ફક્ત એક નફાના માપદંડો પર માપીને સમાજ સમક્ષ સાચુ ચિત્ર લાવી રહ્યુ છે ? શું આ FRC 'ફી રેગ્યુલેશન કમિટિ' છે કે 'ફ્રિડમ રેગ્યુલેશન કમિટિ'

ચાલો, અસરગ્રસ્ત તમામ તત્વોના અહેવાલો સાંભળીએ અને જાતે નક્કી કરીએ. **—ધી ઓપન પેજ**

વાલીઓની મનોવ્યથા:

સરકારે એક ખૂબજ મોટુ પગલુ ભર્યુ છે. અમોને મદદરૂપ થવા પરંતુ શું આ ખરેખર જે રીતે તારણમાં આવી રહ્યું છે તે રીતે ઉપજશે ? શાળાઓને ફરજ પાડવામાં આવી છે કે તેઓ નક્કી કરેલ આંકડાઓ મુજબ ફી વસુલે પરંતુ માતા-પિતા તરીકે ફક્ત ઓછી ફી જ અમારી વ્યથા નથી. બાળકોનું સંપૂર્ણ અને યોગ્ય શિક્ષણ પણ છે. સરકારે નક્કી કરેલ ધોરણથી વધુ ફી ન ભરવા અપીલ કરી છે. જ્યારે શાળાઓ જુના ધોરણો પ્રમાણે જ ફી ભરવા આગ્રહ કરી રહી છે વાલીઓ ક્યાં જશે ? કોને વ્યથા કહેશે ?

શાળા સંચાલકો ચિંતિત છે. આપેલ 'ફી ધોરણ' મુજબ વર્તતા શિક્ષણની ગુણવત્તા તેમજ અન્ય અપાતી સગવડો માટે. જ્યારે બીજી તરફ સરકાર તેઓને ફી ઘટાડવા માટે ફરજ પાડી રહી છે. બંને તરફની આ અથડામણમાં જે ખરેખર ભોગ બની રહ્યા છે. તે અમે વાલીઓ છીએ. ફી નીચી લઇને જો બાળકોને ગુણવત્તા સભર ભણતર ન આપી શકાયુ તો તે દેશનો વિકાસ શક્ય નહી બનાવી શકે. વાલીઓ એ જ ઇચ્છે છે તે વ્યાજબી ઠરે એવા ફી નિયમોની સાથો-સાથ અમારા બાળકોને યોગ્ય ભણતર મળે અને તેઓનો સર્વાંગી વિકાસ થાય.

શાળા સંચાલકોના મંતવ્યો:

૯૦ દિવસના સમયગાળામાં FRC લાગુ પડશે. આ સમય દરમ્યાન શાળાઓને પોતાની ઘટાડેલી ફી સહીતના સોગંધનામાં સાથે નવી ફી પોતાની શાળાના નોટીસ બોર્ડ તેમજ વેબસાઇટ પર મુકવાની રહેશે. ગુજરાતની લગભગ ૧૫,૦૦૦ જેટલી શાળાઓ સરકારના આ નિયમથી અસરગ્રસ્ત થઇ છે. બાળકોના વિકાસ અને ભણતરની જગ્યા એ ફક્ત નફો કમાવવા માટેનુ સ્થળ બનીને રહી ગઇ છે. તેવુ દર્શાવવામાં આવી રહ્યું છે. શાળા સંચાલકોને આજે પોતાના કાર્યકુશળ અને અનુભવી શિક્ષકોને કાઢવાની તેમજ સાનુકુળ સગવડો આપતી અટકાવવાની ફરજ પડી છે. કારણકે તેઓએ નક્કી કરેલ 'ફી ધોરણ' અનુસાર નવી ફી નક્કી કરવાની છે. તેઓની માંગણી છે આ નક્કી કરેલ 'ફી કેપ' વધારવાની કારણકે તેમણે શાળાનું બિલ્ડીંગ, ભણતર સિવાયની ઘડતરની પ્રવૃત્તિઓ, પરિવહન સેવાઓ વગેરે જેવી અનેક પ્રવૃત્તિઓ હાથ ધરવાની ફરજ બને છે. અને જેના માટે નાણાં પણ વપરાય છે.

સરકારના આ નવા નિયમો હેરાન થતા વાલીઓ સામે તો જોયુ, પરંતુ શાળાકીય સગવડો તેમજ પ્રવૃત્તિઓ સામે કોણ જોશે ? વધુ પગાર ધરાવતા અનુભવી શિક્ષકો ભવિષ્ય માટે સજ્જ વિદ્યાર્થીઓ ઇત્તર પ્રવૃત્તિમાં મોખરે એવી સમજ ધરાવનાર બાળકો સગવડોથી સજ્જ શાળાની ઇમારતો, તમામ નવી ટેકનોલોજીથી વાકેફ એવુ વાતાવરણ અને આવા બીજા અનેક તત્ત્વો અહી નજર અંદાજ કરાયા છે. નક્કી કરેલ 'ફી કેપ' આવા ઘણા પાસાઓ જોવામાં નિષ્ફળ નિવડ્યું છે. સરકાર નિષ્ફળ રહી છે. એક તટસ્થ એવો નિર્ણય જ સમાજમાં ઘણા માટે ફાયદાકારક હોય, તેનો અહી અભાવ સ્પષ્ટ પણે દેખાય છે.

સરકારની વિચાર સરણી:

ગુજરાત સરકારના ખભા પરનો સૌથી મોટો ભાર છે વિકાસશીલ રાજ્યોમાં મોખરે રહેવું. જેમ મહારાષ્ટ્ર અને તમિલનાડુ જેવા રાજ્યોએ 'ફી નિયમન' કર્યુ તેમજ આ રાજ્યમાં પણ કાયદો બને. આ 'રેસ' માં આગળ રહેવા. ગુજરાત સરકારે ૧૫૦૦૦, ૨૫૦૦૦ અને ૨૭૦૦૦નો ફી કેપ અનુક્રમે પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ માટે નક્કી કર્યો. આ ધોરણો પ્રમાણે નક્કી કરેલ ફી વાલીઓને અસહ્ય ફી થી રાહત આપશે. ગુણવત્તા સભર ભણતર અને સગવડોના નામે ઘણી શાળાઓ નફાખોરી તરફ વળી છે. વાલીઓ પાસેથી આખા વર્ષની ફી એક સાથે લેવી, પુસ્તકો માટે વધુ પૈસાની માંગ, શાળાના યુનિફોર્મ, ટ્યુશન ફી, વધારાના કોમ્પ્યુટર લેબ વગેરે જેવી પૈસા કમાવવાના રસ્તાઓ શોધનારી શાળાઓ સામે સરકારે લાલ આંખ કરી છે. નક્કી કરેલ ફી કેપ તેમજ નિયમો મુજબ જ ફી વસુલાતની સગવડોને કારણે વાલીઓ પાસેથી કોઇ જ છુપા પૈસા નહી લઇ શકાય અને આ રીતે તેઓ છેતરાતા બચશે. સરકારે નિયમમાં એવી પણ જોગવાઇ રાખેલ છે કે જે શાળાઓ પાસે પોતાના ખર્ચના પૂરતા પુરાવા તેમજ પ્રમાણપત્રો હશે તેઓ દરખાસ્ત મંજુર કરાવીને પોતાની શાળાની ફી વધારી પણ શકશે. પરંતુ આ માટેની પ્રક્રિયા ઘણી જ ચોક્કસ હશે. FRC'એ શાળાઓને પોતાના દ્વારા લેવાતી ફીની જોગવાઇ ખુલ્લી પાડવા માટે ફરજ પાડી છે. અને તેઓએ આ માટે પૂરતા પુરાવા તેમજ સમર્થનો સાથે તૈયાર રહેવું પડશે.

વિદ્યાર્થીઓની મનોવ્યથા:

આ વિકાસની યાત્રા છે કે રાજકારણની! જે પરિસ્થિતિ ગણો, તેમાં જેની ભાવનાઓ સાચા અર્થમાં દુભાઇ રહી છે તે છે શાળાના 'બાળકો'. આ નિ:સ્વાર્થ વિદ્યાર્થીઓ જે ચાલી રહ્યું છે તેને જોઇને અંત ફક્ત સુખદાયી જ નીપજે તેવી પ્રાર્થના કર્યા સિવાય કંઇજ નથી કરી શકતા. વાત ભલે પોતાની વધુ ફીથી ત્રસ્ત માતા-પિતાની હોય, મનગમતા શિક્ષકની હોય, હતાશ શાળા સંચાલકોની હોય કે અણનમ ગુજરાત સરકારની. આ એક એવી બાબત છે કે જ્યાં વિદ્યાર્થીઓને લાગણીઓના ઉતાર ચઢાવથી પ્રસાર થવા સિવાય છુટકો નથી. પોતાની શાળા બંધ થઇ જવાનો ભય કે મળતી સગવડો ઓછી થઇ જવાની નીરાશા. આ કાર્યમાં મુક બની જોવા સિવાય તેઓ કંઇજ કરવા સક્ષમ નથી. આશાની એક કિરણ રૂપે જો તેઓ કંઇ ઇચ્છતા હોય તો એ તે છે કે જે પણ નિર્ણય થાય તે તટસ્થ રહીને બધા માટે સારો સાબિત થાય. ગુજરાત એક લડત લડી રહ્યું છે, અને વિદ્યાર્થીઓ પ્રાર્થના કરે છે કે તે સમગ્ર સમાજ માટે ખરું પડે.

આઝાદીના સમયથી જ ગુજરાત એક ગતિશીલ અને પ્રગતિશીલ રાજ્ય તરીકે ઓળખાતુ આવ્યું છે. અને આ રાજ્ય એ ઘણાં એવા નિર્ણયો હસતે મુખે સ્વીકાર્યા છે. હાલ શિક્ષણ જગતમાં ચાલી રહેલી લડત પણ તે લડી લેશે. અને સમાજ માટે ફાયદાકારક એવા તટસ્થ નિર્ણય સાથે જરૂરથી પગભર થશે.

ફાધર્સ ડે મિત્રો, દિકરા કે દિકરી માટે એના પિતા બહુ મોટુ બલિદાન આપતા હોય છે.

અમેરિકામાં આવેલા વોશિંગ્ટન રાજ્યના સ્પોકેન શહેરમાં ૧૯૦૯માં મિસિસ સોનોરા બી ડોડેએ (સોનોરા લૂઇસ સ્માર્ટ ડોડે) ફાધર્સ ડેની ઉજવણી કરવાની શરૂઆત કરી હતી.

સોનોરાના પિતા વિલિયમ દેકસન સિવિલ વોરના લડવૈયા હતા. એમના પત્નિ મિસિસ સ્માર્ટ એમના છઠ્ઠા બાળકની સુવાવડ દરમ્યાન બાળકને જન્મ આપી પોતે મૃત્યુ પામ્યા. નવજાત બાળક તથા અન્ય પાંચ બાળકોને ઉછેરવાની જવાબદારી ખેતરમાં રહેતા મિ. સ્માર્ટને માથે આવી પડી. મિસ્ટર મોમ તરીકે પંકાયેલા આ એકમાત્ર વિધુર બાપે મા વિનાના છ બાળકોને માની સહેજ પણ ખોટ સાલવા ન દીધી અને બાળકો પર અખૂટ પ્રેમ અને લાગણીના ધોધનો વરસાદ કરી પૂરેપૂરી સંભાળ રાખી ઉછેર્યા અને શિક્ષણ પણ આપ્યુ.

મિસિસ સોનોરા ડોડ જ્યારે એક રવિવારે ચર્ચમાં 'મધર્સ ડે' વિશે પાદરીને વાત કરતા સાંભળ્યા અને પોતાના પિતાએ પોતાના અને પોતાના બીજા ૫ ભાઇ બહેનો ને એકલે હાથે ઉછેરવા માટે કરેલ ત્યાગ અને મહેનત પર વિચાર કરતા એને લાગ્યુ કે મધર્સ ડેની જેમ પિતાને પણ સન્માન આપવા માટે એક અલગ દિવસ નક્કી કરી 'ફાધર્સ ડે' ઉજવવો જોઇએ. આ પછી સૌથી પહેલો ફાધર્સ ડે જુન, ૧૯ ૧૯૧૦ના રોજ સ્પોકેન, વોશિંગ્ટનમાં ઉજવવામાં આવ્યો. ધીમે ધીમે ફાધર્સ ડેની ઉજવણી બીજા રાજ્યોમાં ફેલાતી ગઇ. આ સાથે ઉત્તર અમેરિકામાં ચાલુ થયેલ આ પ્રથા ધીરે ધીરે દુનિયાના બીજા દેશોમાં પણ પ્રસરતી ગઇ.

૧૯૭૨માં પ્રેસિડન્ટ નીકશને ફાધર્સ ડેને રાષ્ટ્રીય દિન તરીકે ઉજવવાના નિર્ણયના ખરડા ઉપર સહી કરી કાયદાકીય સ્વરૂપ આપ્યું. ત્યારથી અમેરિકામાં દર વર્ષે જુન મહિનાના ત્રીજા રવિવારે ફાધર્સ ડે રાષ્ટ્રીય દિન તરીકે ઉજવાય છે.

એક નાનકડો પરિવાર હતો. પતિ, પત્નિ અને દિકરો. પરિવારની આર્થિક પરિસ્થિતિ ખૂબ સામાન્ય હતી. પતિ મજૂરી કામ કરે અને પત્નિ બીજાના ઘરના કામ કરવા માટે જાય. જે કંઇ થોડીઘણી આવક થાય એમાંથી પરિવારનું માંડ માંડ ગુજરાન ચાલે.ટૂંકી આવક હોવા છતાં દિકરાના અભ્યાસમાં કોઇ પ્રકારની કચાસ રાખે નહીં. દિકરાએ દસમા ધોરણની પરીક્ષા પાસ કરી. ખૂબ સારા ટકા લાવ્યો અને વિજ્ઞાન પ્રવાહમાં એને રસ હતો એટલે સારી સ્કૂલમાં



એડમીશન અપાવવાનું નક્કી કર્યું. સ્કૂલની ફીની વિગત જાણીને પિતાના હોશકોશ ઉડી ગયા. આટલી મોટી ફી કેમ કરીને ભરાશે ? પણ પિતા દિકરાને મોટો સાહેબ જોવા માંગતા હતા એટલે ગમે તેમ કરીને દિકરાને ભણાવવો જ છે એવું એના પિતાએ નક્કી કર્યું. બીજા દિવસે એ ભાઇએ એમના પત્નિ અને પુત્રને કહ્યું. "મારો બાળપણનો ભાઇબંધ મુંબઇમાં રહે છે. ખૂબ સારો ધંધો કરે છે. હું એની પાસે જઇ આવું. મને ખાતરી છે કે એ ચોક્કસ મદદ કરશે." પિતા મુંબઇ જવા રવાના થયા. દિકરાને થયુ પપ્પા ખોટા મુંબઇ જાય છે. આટલી મોટી રકમની મદદ આજના યુગમાં કોઇ ના કરે. એકાદ અઠવાડિયામાં જ એના પિતા પાછા આવ્યા અને એની સાથે ખૂબ મોટી રકમ પણ લાવ્યા. છોકરાની ફી ભરાઇ ગઇ અને અભ્યાસ આગળ વધ્યો. થોડા દિવસ પછી એક વખત દિકરો ઘરે બેઠો બેઠો હોમવર્ક કરતો હતો. ટપાલી આવ્યો અને એને એક કવર આપી ગયો.

છોકરાની મમ્મીએ કહ્યું. "બેટા, જરા જોતો આ કોનો કાગળ છે ? આજ દિન સુધી આપણને કોઇએ કાગળ લખ્યો નથી. ગરીબના થોડા કોઇ સગા હોય? આજે અચાનક આ શેનો કાગળ આવ્યો. ? હું કે તારા પપ્પા કંઇ ભણ્યા નથી એટલે વાંચતા પણ આવડતુ નથી. તું જ કાગળ વાંચી સંભળાવ." દિકરાએ કવર ખોલીને કાગળ બહાર કાઢ્યો. કાગળ વાંચતાની સાથે દિકરો ચોધાર આસુએ રડી પડ્યો. એની મમ્મી પણ હેબતાઇ ગઇ અને એટલુ જ બોલી શકી કે 'બેટા, શું થયુ ? શું લખ્યુ છે કાગળમાં ?' છોકરાએ રડતા રડતા કહ્યું. મમ્મી આ એક બહુ મોટા ઉદ્યોગપતિનો કાગળ છે. પપ્પાનો આભાર માનતો પત્ર છે. "મમ્મી, પપ્પા મુંબઇ ગયા જ નહોતા. અહિંયા હોસ્પિટલમાં હતા. અને એ જે પૈસા લાવ્યા એ એના મિત્ર પાસેથી નહિ. ઉદ્યોગપતિ પાસેથી લાવ્યા છે.

પપ્પાએ ઉદ્યોગપતિને એક કિડની દાનમાં આપી દીધી છે અને બદલામાં ઉદ્યોગપતિએ મારા અભ્યાસનો ખર્ચ ઉપાડવાનું વચન આપ્યુ છે." મિત્રો, દિકરા કે દિકરી માટે એના પિતા બહુ મોટુ બલિદાન આપતા હોય છે અને ઘણી વખત તો સંતાનને એની ખબર પણ પડવા દેતા નથી. પિતા એની કિડની ભલે ન વેચતા હોય પણ જમીન, મકાન કે ઘરેણાં વેચીને પણ દિકરા-દિકરીને ભણાવતા હોય છે. પોતે ભલે મુફલિસ થઇ જાય પણ દિકરો મહાન બને એ માટે જાત હોમી દેતા હોય છે. દુનિયાના તમામ પિતાઓને ફાધર્સ ડે નિમિત્તે ભાવપૂર્વક વંદન.

બલદેવ જે. પરી
શિક્ષક, જૂનાગઢ

ચાલો, દરરોજ 'પર્યાવરણ દિવસ' ઉજવીએ

પાંચમી જુન 'વિશ્વ પર્યાવરણ દિવસ' ની ઉજવણી સમગ્ર વિશ્વમાં કરવામાં આવે છે. ઠેર-ઠેર વૃક્ષારોપણ કાર્યક્રમનું સુંદર આયોજન કરવામાં આવે છે. આ ઉપરાંત 'પર્યાવરણ બચાવવા માટે આપણે શું કરવુ જોઇએ ?' એ અંગે પરિસંવાદનુ પણ આયોજન થતુ હોય છે. પર્યાવરણ જાળવણી અંગે જાગૃતિ આવે તે માટે યોજાતા તમામ કાર્યક્રમોને જરૂર બિરદાવવા જોઇએ. પરંતુ માત્ર એક દિવસ માટે નહીં, દરરોજ પર્યાવરણ દિવસની ઉજવણી કરવાની જરૂર છે. જુદા-જુદા કાર્યક્રમો દ્વારા પર્યાવરણ દિનની ઉજવણી થાય તે કરતા પણ વધારે આપણા રોજિંદા કાર્યો દ્વારા પર્યાવરણની જાળવણી થાય તે ખૂબ જરૂરી છે.

આજે પરિવાર કે સમાજ દ્વારા યોજાતા દરેક પ્રસંગો એ યુઝ એન્ડ થ્રો એવી વસ્તુઓ પ્લાસ્ટિક ગ્લાસ, થર્મોકોલની ડિશ, પાણીની બોટલ, ટિસ્યુ પેપર, વગેરે ખૂબજ મોટા પ્રમાણમાં ઉપયોગ કરવામાં આવે છે. ખર્ચની દૃષ્ટિએ વ્યાજબી અને ઉપયોગની દૃષ્ટિએ ખૂબજ સરળ જણાતી આ તમામ વસ્તુઓ પર્યાવરણની દૃષ્ટિએ ભારે ખતરનાક છે. આપણે સૌ જાણીએ છીએ કે પ્લાસ્ટિક વર્ષો સુધી સડતુ નથી. જ્યાં તેને ફેંકવામાં આવે કે જમીનમાં દાટવામાં આવે ત્યાં પણ પ્રદુષણ જ ફેલાવે છે. મોટા શહેરોમાં કચરાના નીકાલની સમસ્યા વિકટ છે. પાણીનું પ્રદુષણ, અવાજનું પ્રદુષણ, હવાનું પ્રદુષણ, જમીનનું પ્રદુષણ એમ અનેક રીતે પ્રદુષણ ફેલાવીને આપણે જ આપણી સલામતીને જોખમમાં મુકી રહ્યા છીએ.

વિકાસના નામે આપણે પ્રદુષણના ભયંકર વધારા સાથે વિનાશ તરફ દોટ મુકી રહ્યા છીએ. આજે પીવા માટે શુદ્ધ પાણી મેળવવુ દુષ્કર બન્યુ છે. ઘેર-ઘેર વોટર ફિલ્ટર જોવા મળે છે. ઘેર-ઘેર વોટર ફિલ્ટર એ આપણી પ્રગતિનું નહીં, પરંતુ આપણી બેદરકારીને કારણે વધેલા પ્રદુષણનું પ્રતિક છે.

વર્ષો પહેલા એવુ કહેવાતુ કે 'શિયાળામાં વધુ ઠંડી પડે તો કેરીનો પાક સારો અને ઉનાળામાં વધુ ગરમી પડે તો વરસાદ સારો આવે' આ વાત હવે સાચી રહી નથી. પ્રતિ વર્ષ ગરમી વધી રહી છે. ગરમીમાં વધારોએ સારા વરસાદની નિશાની નથી. પરંતુ ગ્લોબલ વોર્મિંગ કે વધારે પડતા પ્રદુષણની નિશાની છે.

વધારે પૈસા કમાવા માટે આપણે અનાજ, ખાદ્ય પદાર્થો દવાઓ વગેરેમાં ભેળસેળ કરી રહ્યા છીએ. ખેત પેદાશોનું પ્રમાણ વધારવા માટે હાનિકારક માત્રામાં રાસાયણિક ખાતરો અને દવાઓનો ઉપયોગ કરી રહ્યા છીએ. આ તમામ બાબતો આપણા સ્વાસ્થ્ય માટે તેમજ પર્યાવરણ માટે પણ ખૂબ જ નુકસાનકારક છે. જો આપણું સ્વાસ્થ્ય જ સારૂ નહી હોય તો, આપણી પાસે ગમે તેટલી ભૌતિક ચીજ વસ્તુઓ હોય તો પણ શા કામની ?

પર્યાવરણ જાળવણીની બાબતમાં આપણે ભૂતાન જેવા ટચુકડા દેશ પાસેથી શીખ લેવા જેવી છે. ત્યાં દર વર્ષે લાખો વૃક્ષો વાવવામાં આવે છે. અને તેને ઉછેરવા માટે સંપૂર્ણ કાળજી લેવામાં આવે છે. આપણે ત્યાં નવા રસ્તાઓ, કારખાનાઓ, વસવાટ બનાવવા માટે વૃક્ષોનું નિકંદન કાઢવામાં આવે છે.

એક વિદ્યાર્થી કે સામાન્ય નાગરિક તરીકે પણ આપણે પર્યાવરણની જાળવણીમાં આપણું યોગદાન જરૂર આપી શકીએ. કાગળનો કરકસરપૂર્વક ઉપયોગ કરીને વૃક્ષો કપાતા અટકાવી શકીએ. ઘર, શાળા, કારખાનાઓમાં બિન જરૂરી પંખા-ટ્યુબ લાઇટ બંધ કરીને વિજળી બચાવી શકીએ. યુઝ એન્ડ થ્રો વસ્તુઓ વાપરવાને બદલે રી-યુઝ થઇ શકે તેવી વસ્તુઓનો ઉપયોગ કરીને પર્યાવરણનું જતન કરી શકીએ.

રોજિંદા જીવનમાં ચીજવસ્તુઓના વપરાશમાં થોડી કાળજી લેવામાં આવે અને થોડી જીવન શૈલી બદલવામાં આવે તો પર્યાવરણની જાળવણીમાં આપણે પણ ખૂબ મોટુ યોગદાન આપી શકીએ.

રાજેશ ધામેલિયા
શિક્ષક, સુરત

વૈધાનિક સુચનાઃ ધી ઓપન પેજ, મંથલી ન્યુઝ પેપરમાં પ્રકાશિત સામગ્રીમાં લેખકોના પોતાના વિચાર છે. સંપાદક તથા પ્રકાશક એ સાથે સહમત હોય તે જરૂરી નથી.
ધી ઓપન પેજની સમાચાર સંબંધિત બધા જ વાદ – વિવાદ પ્રકાશન તારીખથી ૩ (ત્રણ) માસની અંદર માત્ર અમદાવાદ ન્યાયક્ષેત્રમાં થઇ શકશે.

ટીચર અમારે ગૃહકાર્ય શા માટે કરવું જોઇએ ?



ઉપરોક્ત પ્રશ્ન સ્ટાફરૂમમાં ચર્ચાનો વિષય બની ગયો હતો. જ્યારે ધોરણ – ૫નાં શિક્ષિકા તૃપ્તિબહેને કહ્યુંકે આજે તેના કલાસની હોશિયાર વિદ્યાર્થીની ગોપીએ કલાસ વચ્ચે આ પ્રશ્ન મને પૂછ્યો. તૃપ્તિબહેને તેના પ્રશ્નનો જવાબ દેવાનું ટાળ્યું અને કહ્યું કે હું તને વિસ્તારથી સમજાવીશ. કદાચ તૃપ્તિબહેનને લાગ્યું કે ભલે ગોપીએ આ પ્રશ્ન પૂછ્યો પરંતુ આ પ્રશ્ન દરેક વિદ્યાથીને મૂંઝવતો હશે. સામાન્ય રીતે જે દિવસે વિદ્યાર્થીઓને ગૃહકાર્ય નથી મળતું તે દિવસે તેઓ વધુ ખુશ હોય છે. આનું તાત્પર્ય એમ લઇ શકાય કે સામાન્ય રીતે વિદ્યાર્થીને ગૃહકાર્ય કરવુ પસંદ હોતુ નથી. જેથી આ પ્રશ્નનો જવાબ કદાચ બધાજ વિદ્યાર્થીઓને સ્પર્શતો હશે. તો ચાલો આ પ્રશ્નનો જવાબ સાથે મળીને ગોતીએ.

સામાન્ય રીતે ગૃહકાર્ય એટલે શિક્ષકે શાળા દરમ્યાન કરાવેલ કાર્યનું ઘરે પુનરાવર્તન. ગૃહાકાર્યમાં તાસ દરમ્યાન વિષયવસ્તુ ચાલેલી હોય તેનુ ઘરે શિક્ષકની ગેરહાજરીમાં થતુ પુનરાવર્તન. ઉપરોક્ત પ્રશ્નને સમજવા આપણે તેને થોડા નાના પ્રશ્નોમાં વિભાજીત કરી અને સમજવાનો પ્રયાસ કરીએ.

૧)ગૃહકાર્ય એટલે શું?

ગૃહકાર્ય એટલે શાળાએથી વિદ્યાર્થીને મળેલુ કાર્ય કે જે તેને શિક્ષકની ગેરહાજરીમાં પોતાની સમજશક્તિ અનુસાર ઘરે કરવાનુ રહે અને બીજે દિવસે તે કાર્ય શિક્ષકને બતાવવાનું રહે. ગૃહકાર્ય એટલે વર્ગમાં ચાલેલ વિષય વસ્તુનું દ્રઢીકરણ કરવા માટે શિક્ષક દ્વારા સોપાયેલ કાર્ય જે વિદ્યાર્થીઓએ ઘરે કરવાનુ હોય અને પછી શિક્ષકને બતાવવાનું હોય. સામાન્ય રીતે કોઇપણ વિષય શિક્ષક પોતાના તાસમાં ચાલેલ વિષય વસ્તુને વિદ્યાર્થીઓ સરળતાથી સમજે અને તેને વિશેષ મહાવરો મળી રહે તે માટે ગૃહકાર્ય આપતા હોય છે. ઘણી વખત શિક્ષક શાળા સમય દરમ્યાન જ વિદ્યાર્થીઓને પોતાની હાજરીમાં વધુ મહાવરા કરાવતા હોય છે. જ્યારે ઘણા શિક્ષકો વિદ્યાર્થીઓને ગૃહકાર્ય આપતા હોય છે.

૨)ગૃહકાર્યનો નિયમ શું છે ?

આમ તો ગૃહકાર્ય સંર્દભી કોઇ સ્પષ્ટ નિયમ નથી. પરંતુ શિક્ષણ વિભાગ દ્વારા ગૃહકાર્ય માટે માર્ગદર્શિકા જાહેર કરેલ છે. તે માર્ગદર્શિકાને સંદર્ભે લેતા CBSE બોર્ડ દ્વારા ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે વિદ્યાર્થીઓને બે કલાક કે ત્રણ કલાકથી વધુ ગૃહકાર્ય આપવું ન જોઇએ. આવુ ધોરણ -૬થી ૧૨માં લાગુ પડે છે. જ્યારે બોમ્બે પ્રાયમરી એજ્યુકેશન એકટ સૂચન કરેલ છે કે ધોરણ-૧થી ૫ માં એક કલાક કરતા વધારે ગૃહકાર્ય આપવું ન જોઇએ. આ સંદર્ભથી શિક્ષણ વિભાગનો અભિગમ વિદ્યાર્થીઓને ઘરે સકારાત્મક રીતે પ્રવૃત રાખવાનો છે. CBSE બોર્ડ પોતાની માર્ગદર્શિકામાં વિદ્યાર્થીઓને પુસ્તકીયુ ગૃહકાર્ય ન સોપવું અને વિવિધાસભર પ્રવૃત્તિઓ ગૃહકાર્ય તરીકે આપવાનું સૂચન કરેલ છે. સામાન્ય રીતે શિક્ષક પોતાની મરજીથી શું ગૃહકાર્ય આપવું તે નક્કી કરી અને વિદ્યાર્થીઓને પોતાના ઘરે સકારાત્મક રીતે પ્રવૃત રહે તે માટે ગૃહકાર્ય આપી શકે છે.

3)ક્યાં પ્રકારનું ગૃહકાય આપી શકાય ?

આ એક વિવાદાસ્પદ પ્રશ્ન ગણી શકાય. કારણકે શિક્ષક પોતાની મરજી મુજબ વિદ્યાર્થીઓને ગૃહકાર્ય આપી શકે. પરંતુ શિક્ષકએ જવાબદારી પૂર્વક વિદ્યાર્થીને કાર્ય આપવું જોઇએ. જુદા જુદા વિષય શિક્ષકો શું ગૃહકાર્ય આપી શકે તે જોઇએ.

ગણિત : વિષય માટે શાળામાં ચાલેલ વિષય વસ્તુને વધુ મહાવરો મળી રહે તે માટે ગૃહકાર્ય આપી શકાય. આમાં વિવિધ દાખલાઓ અથવા કસોટી પણ આપી શકાય.

વિજ્ઞાનઃ વિષય માટે ગૃહકાર્ય તરીકે પ્રયોગો કે સરળ પરીક્ષણ માટેનું કાર્ય આપી શકાય કે જેમાં વિદ્યાર્થી પોતાના ઘરે સરળ હોય એવા પ્રયોગ કરી અને તેનું તારણ નોંધપોથીમાં નોંધ કરી શિક્ષકને બતાવે. આમાં તાસમાં ચાલેલ વિષયવસ્તુનું વધુ દ્રઢિકરણ માટે શિક્ષક તે વિષયવસ્તુનું પૂનરાવર્તન રફ બુકમાં કે પ્રયોગપોથીમાં આપી શકે છે.

સામાજિક વિજ્ઞાન : વિષય માટે શિક્ષક વિદ્યાર્થીને ભૂતકાળમાં થયેલ ઘટનાઓ આધારીત આંકડાઓ કે વિગત પ્રાપ્ત કરવાનું કાર્ય આપી શકે. આ વિષયનાં શિક્ષકને ગૃહકાર્ય માટે વિવિધતા સભર કાર્ય કે પ્રવૃત્તિ આપવાનો અવસર મળી રહે છે.

ભાષાકીય : વિષયો અંગે ગૃહકાર્ય તરીકે ગદ્યૉર્થ ગ્રહણ અને સંદર્ભકથન કોઇપણ ગદ્ય કે પદ્ય પાઠ માટે આપી શકાય. આમાં વિવિધ લેખકો કે કવિઓ વિશે પણ માહિતી મેળવવા આપી શકાય.

૪) ગૃહકાર્ય શા માટે કરવું જોઇએ ?

ઉપરોક્ત પ્રશ્નોમાનો સૌથી અગત્યનો પ્રશ્ન આ છે. વિદ્યાર્થી તરીકે સામાન્ય રીતે ગૃહકાર્ય કરવું પસંદ હોતુ નથી. અને આમા મારો પણ સમાવેશ થઇ જાય છે. પરંતુ વખતો વખત શિક્ષણમાં વિવિધ રીતે ગૃહકાર્ય અનિવાર્ય છે. ગૃહકાર્ય નિયમિત કરવાથી વિદ્યાર્થીને નીચે પ્રમાણેના સકારાત્મક લાભો થઇ શકે છે.

- વિષય વસ્તુમાં રસ રૂચિ વધે અને જે તે વિષયમાં સારા ગુણાંક મળી રહે.
- સ્વ અધ્યયન કરવાની ક્ષમતામાં વધારો થાય, અને સમયાંતરે વિદ્યાર્થી આપમેળે શીખવાનું કૌશલ્ય પ્રાપ્ત કરતો હોય છે.
- ગૃહકાર્ય નિયમિત કરવાથી વિદ્યાર્થીની સ્મરણ શક્તિ અને સકારાત્મક વિચારધારામાં વધારો થાય છે.
- જેમ રોજ થોડું થોડું જમીને શરીરને સમતોલ વિકાસ મળતો હોય છે. તેમ નિયમિત રીતે ગૃહકાર્ય કરવાથી ગ્રહણ શક્તિમાં વધારો થાય છે. અને બૌદ્ધિક ક્ષમતા વધે છે.
- ગૃહકાર્ય નિયમિત કરવાથી વિદ્યાર્થી વિવિધ વિગતો તેમજ સાપ્રાંત પ્રવાહોથી અવગત થતો હોય છે. જે નિત નવું શિખવા માટેની જિજ્ઞાસાવૃત્તિમાં વધારો કરે છે.
- "Seven habits of highly successful people" એટલે કે સફળ વ્યક્તિઓની સાત મુખ્ય ટેવોમાં નિયમિતતાનો સમાવેશ પણ છે. નિયમિત રીતે ગૃહકાર્ય કરવાથી વિદ્યાર્થીમાં નિયમિતતાની આદત પડે છે અને તે તેને સફળતા તરફ આગળ ધપાવે છે.
- નિયમિત રીતે ગૃહકાર્ય કરતા વિદ્યાર્થીઓની છાપ શિક્ષકોમાં અને મિત્ર વર્તુળમાં ખૂબજ સારી હોય છે. જેથી વિદ્યાથી પોતાને વધુ શીખવા માટેની પ્રેરણા મળી રહે છે.
- નિયમિત રીતે ગૃહકાર્ય કરવાનાં ફાયદાઓ હજુ પણ ઘણા છે જે ઉપરોક્ત સૂચિમાં ધ્યાને ન લીધા હોય, વિદ્યાર્થીને નિયમિત રીતે ગૃહકાર્ય કરવાથી ઘણા વ્યક્તિગત ફાયદાઓ પણ થતા હોય છે. જે જાત અનુભવથી જાણી શકાય, તો વિદ્યાર્થી મિત્રો આપણે પાઠશાળામાંથી મળેલુ ગૃહકાર્ય નિયમિત રીતે કરવાની ટેવ કેળવવી જોઇએ.
- આશા રાખીએ છીએ કે ગોપીને પણ તૃપ્તિબહેન તરફથી યોગ્ય જવાબ મળી રહેશે અને ગોપીની જેમ અન્ય વિદ્યાથીઓને પણ તે અસર કરતા રહેશે. શિક્ષકોએ ગૃહકાર્ય તરીકે વિવિધાસભર અને રસપ્રદ કાર્ય આપવું જોઇએ, જેથી વિદ્યાર્થીઓ તેને બોજારૂપ ન સમજે અને પ્રફુલ્લિત થઇ કાર્ય પૂર્ણ કરી બતાવે. વિદ્યાથી મિત્રો યાદ રાખજો કે ગૃહકાર્ય તમારા બૌદ્ધિક કૌશલ્યોનાં વિકાસ માટે છે, નહી કે તમોને સજા આપવા માટે, તો નિયમિત રીતે ગૃહકાર્ય કરવાથી તમારો બૌદ્ધિક વિકાસ થશે જે તમને સફળતા તરફ દોરી જશે.

ડો. વિશાલ વારીયા
આચાર્ય, રાજકોટ



સફળતાનો કોઇ શોર્ટકટ નથી બીજાની નકલ કરીને તમે તમારી જાતને ક્યારેય મહાન બનાવી શકો નહી.

સમુદ્રની દુનિયા

મોનુ નામનો એક છોકરો સૌરાષ્ટ્રના એક નાનકડા ગામમાં રહે છે. એની પાસે જુલ્લુ નામનું એક કૂતરું છે. મોનુ જુલ્લુ સાથે એ એક માણસ હોય એવી રીતે જ વાતચીત કરતો હોય છે. મોનુને વાંચનનો બહુજ શોખ છે. એ શાળાના અને ગામના પુસ્તકાલયમાંથી ઘણાં બધા પુસ્તકો લાવીને વાંચતો રહે છે. ઘણુ બધુ વાંચ્યા પછી એ જે કાંઇ વાંચ્યુ હોય એના સપના જોવા લાગે છે.

એક દિવસ સમુદ્રની દુનિયાની વિગતો વાંચતા વાંચતા એ ઊંઘી ગયો અને એને સપનુ આવ્યું કે એનું જુલ્લુ એક જીન બની ગયુ છે ! જુલ્લુ મોનુને સમુદ્રની દુનિયા જોવા લઇ ગયું. એણે જાત જાતની માછલીઓ સાથે વાતો કરી. માછલીઓએ મોનુને સમુદ્રની દુનિયાની ઘણી માહિતીઓ આપી.



પૃથ્વી ઉપર જીવ સૃષ્ટિની શરૂઆત સમુદ્રમાં થઇ હતી. આશરે ૩.૧-૩.૪કરોડ વર્ષ પહેલા ! જેલી ફિશ એ ડાયનાસોર અને શાર્ક કરતા પણ પહેલેથી અસ્તિત્વ ધરાવે છે. જેલી ફિશએ માછલી નથી પણ એ દરિયાઇ જીવ છે.



પૃથ્વી પર પેસિફિક (પ્રશાંત) એટલાન્ટિક, હિન્દ, એન્ટારકટિક (દક્ષિણીય) આર્કટિક મહાસાગર આવેલા છે. આ મહાસાગરો પૃથ્વી પરનો લગભગ ૭૦% ભાગ ધરાવે છે. પૃથ્વી પરના કુલ પાણીનું આશરે ૯૭% પાણી આ મહાસાગરોમાં આવેલુ છે! તમામ મહાસાગરોમાં એટલાન્ટિક મહાસાગર સૌથી ખારો સમુદ્ર છે. પેસિફિક મહાસાગર એ સૌથી મોટો મહાસાગર છે. જે પૃથ્વીના લગભગ ૩૦% ભાગમાં ફેલાયેલો છે. પેસિફિક મહાસાગર શાંત સમુદ્ર હોવાથી એ 'પ્રશાંત' મહાસાગર તરીકે ઓળખાય છે. પૃથ્વી ઉપરની કુલ સજીવ સૃષ્ટિના આશરે ૫૦-૮૦% સજીવો સમુદ્રની સપાટી નીચે રહે છે ! અરે, આપણે હજી સુધી અનેક દરિયાઇ જીવોથી અજાણ છીએ.

જુલ્લુએ મોનુને બીજી પણ કેટલીક રસપ્રદ વૈજ્ઞાનિક માહિતી આપી. પાણીની અંદર અવાજની ઝડપ ૧,૪૩૫ મી-સેકંડ છે. જે હવામાંની અવાજની ઝડપ કરતા લગભગ પાંચ ગણી ઝડપી છે. સૂર્ય અને ચંદ્રના ગુરૂત્વાકર્ષણની અસરને લીધે સમુદ્રમાં ભરતી અને ઓટ આવે છે. સૂર્યપ્રકાશ સમુદ્રના પાણીની સપાટી ઉપરથી પરાવર્તિત થાય છે. ત્યારે આકાશના ભૂરા રંગનું પરાવર્તન કરે છે. સમુદ્રના ઉંડા પાણીમાં મોટા ભાગનો સૂર્યપ્રકાશ પાણીમાંના ઓક્સીજનને લીધે ફેલાઇ જાય છે.અને આમ ભૂરા રંગને પણ ફેલાવે છે. આથી સમુદ્રનું પાણી ભૂરા રંગનું દેખાય છે.

સમુદ્રમાં કેટલીક માછલીઓ સાથે વાતો કરતાં મોનુને અચરજભરી વાતો જાણવા મળી. સમુદ્રની જીવસૃષ્ટિમાં કેટલાક રહસ્યમય જીવો છે. સમુદ્રી વાદળી (સ્પોંજ-શરીરમાં છીદ્રોવાળુ દરિયાઇ જીવ, વાદળી આપણે સફાઇ માટે વાપરતા હોઇએ છીએ.), કોરલ, સ્ટાર ફીશ, જેલી ફીશ જેવા કેટલાક જીવો પ્રાણી છે કે વનસ્પતિ છે એ કહેવુ ઘણું મુશ્કેલ છે! મોનુ કહે કે હું નામ પરથી કહી શકુ કે સમુદ્રી ઘોડો (જળ ઘોડો) એ પ્રાણી છે. તો મોનુની મિત્ર બનેલી માછલી હસવા લાગી. એ કહે કે સમુદ્રી ઘોડોએ પ્રાણી નથી પણ મારા જેવી જ એક માછલી છે. વાદળીને માથુ, મગજ, હૃદય, ફેફસાં, મોંઢું, હાડકા નથી હોતા અને તેમ છતાંય એ જીવે છે!વાદળીના કટકા કરો તો દરેક કટકો વિકસિત જીવ બનશે! આ વાદળી સાવ નાના જંતુ જેવડી પણ હોય અને ગાય જેવા મોટા પ્રાણી જેવડી પણ હોય.

મોનુને એક માછલીને અડતા વિજળીનો ઝટકો લાગ્યો હોય એવું લાગ્યું. એની મિત્ર માછલી એને કહે કે એ 'ઇલ'નામે ઓળખાતી માછલીની એક જાત છે. આ ઇલ વિજળીના ૧૦ બલ્બ પ્રકાશિત કરી શકે એટલી વિજળી ઉત્પન્ન કરી શકે છે ! મોનુ એ એક ભયંકર મોટા અવાજ વાળી ચીસ સાંભળી અને એ એકદમ જ ગભરાઇ ગયો. એની મિત્ર કહે કે એ બ્લુ વ્હેલનો અવાજ છે. બ્લુ વ્હેલનો અવાજ ૧૮૮ ડેસીબલ્સ જેટલો હોય છે. જે પૃથ્વી ઉપરના કોઇપણ પ્રાણીનાં અવાજ કરતા સૌથી મોટો અવાજ છે. બ્લુ વ્હેલ હોય છે પણ મહાકાય. એ પૃથ્વી ઉપરના કોઇપણ પ્રાણી કરતાં વિશાળ કદ ધરાવે છે. પ્રાચીન સમયના વિશાળકાય ડાઇનાસોર કરતાં પણ મોટું! એનું હૃદય આપણી પાસેના કાર જેવા વાહનના કદ કરતાં પણ મોટા કદનું હોય છે!

મોનુની મિત્ર માછલી એને કહે કે 'ચાલ, તને સફેદ શાર્ક માછલી બતાવું' મોનુ કહે, 'ના ના શાર્ક તો મને ખાઇ જાય' એની મિત્ર માછલી કહે, 'અરે ભાઇ, તને કોણે એવું કીધુ? સફેદ શાર્ક કોઇ દિવસ માણસને ન ખાય' આ શાર્ક એન્ટાર્કટીકા સિવાયના દરેક ખંડમાં દરિયાના ઉંડા પાણીમાં હોય છે. એની એક વિશેષતા એ છે કે એમાં માદા કદમાં નર કરતા મોટી હોય છે. સફેદ શાર્ક અવાજ ઉત્પન્ન નથી કરતી. તેઓ શરીરની સંજ્ઞા અને ગંધથી એકબીજા સાથે સંદેશા વ્યવહાર કરે છે. મોનુએ પૂછ્યું કે, 'આ શાર્ક એનો શિકાર કેવી રીતે કરે છે?' એની મિત્રએ કહ્યું કે, 'શાર્કની ઘ્રાણેન્દ્રિય-ગંધ પારખવાની શક્તિ ગજબની હોય છે. તેઓ પાણીના લાખો ટીપામાંથી એકાદ ટીપામાં પડેલા લોહીની ગંધ પારખી લે છે. તેઓ સમુદ્રમાં રહેતા પ્રાણીઓના શરીરમાંથી નીકળતો વિજ પ્રવાહ પકડી પાડે છે અને એના મારફતે એ પ્રાણીનો શિકાર કરવા પહોંચી જાય છે.

મોનુની મિત્ર માછલીએ એની મુલાકાત એક શાર્ક સાથે કરાવી! એ શાર્ક મોનુને કહે, 'ભાઇ, અમે તમને ક્યાં નડીએ છીએ તે અમારો શિકાર કરો છો તમે માણસો દર વર્ષે લાખોની સંખ્યામાં અમારો શિકાર કરો છો. એમા અમારી વસ્તી એકદમ ઘટી ગઇ છે. જીવ શાસ્ત્રીઓનું માનવું છે કે હવે માંડ ૧૦,૦૦૦ જેટલી જ શાર્ક બચી છે. તો ભાઇ, તમે માણસો સમજ કેળવો અને શાર્કનો શિકાર બંધ કરો.'

પછી મોનુની મિત્ર માછલી એને દરિયાઇ કાચબાને મળવા લઇ ગઇ. દરિયાઇ કાચબાધ્રુવીય પ્રદેશના સમુદ્ર સિવાયના બધા જ સમુદ્રમાં થાય છે. દરિયાઇ કાચબા પૃથ્વી ઉપરના ખૂબજ જુના રહેવાસીઓ છે. વિશાળકાય ડાયનોસોર વાતાવરણના ફેરફાર સામે ટકી ન શક્યા. પરંતુ દરિયાઇ કાચબાઓ વાતાવરણના ફેરફાર સામે ટકી શક્યા. દરિયાઇ કાચબા ખૂબજ કુશળ તરવૈયા છે. તેઓ લાંબા અંતર સુધી તરી શકે છે. મહાસાગરના એક છેડેથી બીજા છેડા સુધી તરીને જઇ શકે છે. આ કાચબાઓને દાંત નથી હોતા પણ તેઓ મુખ મારફતે એમનો ખોરાક લઇ શકે છે. કેટલાક દરિયાઇ કાચબા શાકાહારી પણ હોય છે! દરિયાઇ કાચબાએ મોનુને કહ્યું, 'અમે પ્લાસ્ટીકની કોથળીને જેલી ફીશ સમજીને મોઢામાં મુકીએ છીએ અને પછી એના લીધે મોત થાય છે તો તમે લોકો દરિયામાં આવો કચરો ન નાંખો. વળી જમીન ઉપરના કાચબાની જેમ અમે અમારૂ માથુ અને પગ અમારા કવચમાં નથી નાંખી શકતા એટલે માણસોનો શિકાર થઇ જઇએ છીએ. હવે અમારી પ્રજાતિ લુપ્ત થઇ જાય છે. કુલ ૭ જાતના દરિયાઇ કાચબાઓ હોય છે. એમાંથી ૬ જાતિ તો લગભગ નામશેષ જ થઇ ગઇ છે. પ્લીઝ, પ્લીઝ તમે માણસો અમને પણ જીવવા દો'.

મોનુએ બાફેલા બટાકા જેવું દેખાતું કથ્થાઇ રંગનું એક દરિયાઇ પ્રાણી જોયું. મોનુએ એની મિત્રને પૂછ્યું કે આ ક્યું પ્રાણી છે? એની મિત્રએ કહ્યું કે એ મેનાટીસ છે જેને તમે લોકો દરિયાઇ ગાય તરીકે ઓળખો છો. આ 'દરિયાઇ ગાય' તમારી જમીન ઉપરની ગાય જેવું જ શાંત પ્રાણી છે અને દરિયાના પાણીમાં ધીમે ધીમે તરતુ હોય છે.

મોનુની મિત્ર માછલીએ એને બીજા કેટલાક દરિયાઇ જીવો વિષે પણ માહિતી આપી. ઓક્ટોપસને ૩ હૃદય હોય છે અને એના લોહીનો રંગ લાલ નહી પણ ભૂરો હોય છે! શેવાળ જેવા જીવો તો વ્હેલની ચામડીને વળગીને રહે છે!

ક્રમશઃ



તુષાર જે. અંજારીયા

વૈદિક ગણિત-૧૧

ઉંમર જણાવવી

કોઇપણ વ્યક્તિની ઉંમર શોધવા માટે નીચેના પગલાઓને અનુસરો :

(૧) વ્યક્તિની ઉંમરના બે અંકોમાંથી દશકના અંકને ૫ વડે ગુણો..

(૨) મળેલા પરિણામમાં ૩ ઉમેરો.

(૩) મળેલા પરિણામના બમણા કરો.

(૪) હવે મળેલા પરિણામમાં ઉંમરનો એકમનો અંક ઉમેરો.

(૫) મળેલા પરિણામમાંથી ૬ બાદ કરો આથી ઉંમર મળી જશે.

દા.ત. ઉંમર ૧૫ વર્ષ છે...

પગલુ – ૧
દશકનો અંક૧ને ૫ વડે ગુણો. =૫ થાય.

પગલુ – ૨
મળેલા પરિણામમાં ૩ ઉમેરો અથવા ૫+૩= ૮ થાય.

પગલુ – ૩
મળેલા પરિણામનાં બમણા કરી ૨x ૮ = ૧૬ થાય.

પગલુ – ૪
મળેલા પરિણામમાં ઉંમરનો એકમનો અંક ઉમેરો
૬+૧૬ = ૨૧ થાય.

પગલુ – ૫
પરિણામમાંથી ૬ બાદ કરો ૨૧-૬ =૧૫ થાય.
આથી ઉંમર ૧૫ વર્ષ મળી જશે.

અગાઉથી જવાબ દર્શાવવો

પગલુ -૧
બે આંકડાની એક સંખ્યા ધારો ધારો કે ૨૭

પગલુ – ૨
આ અંકોને અદલ બદલ કરો એટલે ૭૨ થાય.

પગલુ – ૩
હવે આ બંને સંખ્યાનો તફાવત મેળવો.
(તફાવત એટલે મોટી સંખ્યામાંથી નાની સંખ્યા બાદ કરો.)
--૭૨ – ૨૭ = ૪૫ થાય.

પગલુ – ૪
મળેલી સંખ્યાના અંકો અદલ બદલ કરો એટલે કે.. ૫૪ થાય.

પગલુ – ૫
મળેલા પરિણામમાં પગલા ૩ની સંખ્યા ઉમેરો
૫૪+૪૫ = ૯૯ થાય.

બે આંકડાની કોઇપણ સંખ્યા માટે હંમેશા પરિણામ ૯૯ જ મળશે. મજા પડીને ?

ઉપરોક્ત પગલાઓ માટે ત્રણ આંકડાની સંખ્યા લઇ પ્રક્રિયા કરો. હંમેશા પરિણામ ૧૦૮૯ જ મળશે. હવે આજ પ્રમાણે ચાર, પાંચ કે વધુ આંકડા માટેની પ્રક્રિયા વિચારો અને ચોક્કસ પરિણામ મેળવો.

ખાસ યાદ રાખો.
અહીં એકને એક અંક ફરી લેવાનો નથી અર્થાત બે આંકડામાં ૯૯,૮૮ વગેરે ન આવે કે ત્રણ આંકડામાં ૯૯૯,૯૮૯ વગેરે ન આવે બધા જ અંકો અલગ જ લેવાના છે.

ડો. અતુલ વ્યાસ
શિક્ષણશાસ્ત્રી, રાજકોટ

તમારું સામાન્યજ્ઞાન ચકાસો

૧.કચ્છના રણમાં વસતુ કયુ પક્ષી પોતાના ઇંડા રેતીના ઢગ પર મુકે છે.?

૨.એશિયાટીક લાયન દિવસ દરમ્યાન આશરે કેટલા કિલો ખોરાક ખાઇ શકે છે.

૩.અડાલજની વાવની લંબાઇ કેટલી છે.?

૪.૧૮૨૬માં પહેલી વહેલી સ્થપાયેલી ગુજરાતી શાળાનાં સૌ પ્રથમ શિક્ષક કોણ હતા?

૫. ઉગતા સૂર્યના પ્રદેશ તરીકે કયો જીલ્લો જાણીતો છે?

૬. ગુજરાત ક્રિકેટ એસોસિએશન (જીસીએ)નું મુખ્ય મથક કયાં આવેલું છે.?

૭. ઉડતી ખિસકોલી ગુજરાતના કયાં વન વિસ્તારમાં દેખી શકાય છે.?

૮. અંગ્રેજોએ ભારતમાં કયા સ્થળે પોતાનુ પ્રથમ વેપારી મથક સ્થાપ્યું.?

૯. C.F.F. નું પરું નામ જણાવો.

૧૦. કોચરબ આશ્રમની સ્થાપના ગાંધીજીએ કયારે કરી હતી ?

૧૧. કોની ભલામણથી મદ્રાસ (ચેન્નાઇ) મુંબઇ અને કલકત્તામાં યુનિવર્સિટીની સ્થાપના થઇ?

૧૨. જ્યુબિલી ઓફ ક્રિકેટ નામનુ પુસ્તક કયાં ક્રિકેટર પર લખાયુ છે. ?

૧. ફ્લેમિંગો ૨. ૩૦ કિલો. ૩. ૮૪ મીટર ૪. દુર્ગારામ મહેતા ૫. દાહોદ ૬. અમદાવાદ ૭. મધ્ય ગુજરાતના જંગલો ૮. સુરત ૯. સેન્ટર ફોર એન્વાયરમેન્ટ એજ્યુકેશન (અમદાવાદ) ૧૦. ઇ.સ. ૧૯૧૫માં ૧૧. ચાલર્સ વુડની ૧૨. જામ રણજીતસિંહ





યોગ-૧૨ નૌકાસન

નૌકાસન અથવા નાવાસન : આ આસનમાં અંતિમ તબક્કામાં શરીરનો આકાર નૌકા (નાવ) સમાન દેખાય છે. આ કારણે તેને નૌકાસન કહેવાય છે.

વિધિ:
- પીઠના બળે સુઇ જાવ.
- આ મુદ્રામાં બંને હથેળીઓ પરસ્પર જોડાયેલ રાખી બંને હાથ, માથુ અને બંને પગ (જોડે રાખી) એક સાથે ઉપરની બાજુ ઉઠાવવાથી આ આસન કરી શકાય છે.
- જેટલી વાર આ સ્થિતિમાં રહેવાય એટલુ રહો.

લાભ:
આ આસન કરવાથી પાચન અને નાના મોટા આંતરડાને લાભ મળે છે. અંગૂઠાથી આંગળીઓ સુધી ખેંચાણ થવાથી શુદ્ધ રક્ત ઝડપથી વહે છે. જેને કારણે શરીર નીરોગી રહે છે.
સારણ ગાંઠના રોગમાં પણ આ આસન ખૂબ ફાયદાકારક માનવામાં આવે છે. નિંદ્રા અધિક આવતી હોય તો તેને નિયંત્રણ કરવા માટે આ નૌકાસન સહાયક છે.



ચિત્રકલા

વંશ, રૂદ્ર, પાર્થ (ગ્રુપ)
ત્રિપદા ડે હાઇસ્કૂલ

આરતી
અર્જુન ઇંગ્લિશ સ્કૂલ

સાલા તેજસ
કેન્દ્રિય વિદ્યાલય, ઓ.એન.જી.સી

હાર્દી પટેલ
એલ.એમ.એલ સ્કૂલ

નાઝીરા મૌલા
શ્રી લઘરામ સ્કૂલ, વડોદરા

ઝટપટ બનતુ કેળા આઇસ્ક્રીમ બાઇટ

સામગ્રી
- કેળા
- ચોકલેટ ચીપ્સ

રીત :
- સૌ પ્રથમ કેળાના પીસ કરી એક પ્લેટમાં પાથરી તે પ્લેટને ૧ -૨ કલાક માટે ફ્રિજમાં ફ્રિજ કરવા મુકો. ફ્રિજ થયેલા પીસ બહાર નીકાળી મિક્ષર જારમાં લઇ પીસી લો.
- ત્યારબાદ તેમાં ચોકલેટ ચીપ્સ ઉમેરી હલાવી લો.
- મોલ્ડમાં ભરી ફરી પાછા ૧ – ૨ કલાક માટે ફ્રિજમાં ફ્રિજ કરવા મુકો.
- અનમોલ્ડ કરી સર્વ કરો. ઉપરથી પણ ચોકલેટ ચીપ્સથી તમે ગાર્નીશીંગ કરી શકો છો.

જો જો પાછા હસતા નહી

શું કારણ

બોસ: મિ. ઠક્કર પહેલા તો તમે ઓફિસે મોડા આવતા અને વહેલા જતા રહેતા. હમણાં હમણાં વહેલા આવો છો ને મોડા જાવ છો. શુ કારણ?
મિ. ઠક્કર: હમણા મારા સાસુ આવ્યા છે.!

મહેનત તો કરું છું

શેઠાણી : આમ ભીખ માંગે છે એના કરતા મહેનત કરતો હોય તો !
ભીખારી : મહેનત તો કરું છુ ને ?
શેઠાણી : એ કેવી રીતે ?
ભીખારી : આ જુઓ ને.. તમારી પાસેથી પૈસા કઢાવવા કેટલી બધી મહેનત કરવી પડે છે.

કંઇ ફાયદો થયો

ડોક્ટર (દર્દીને): મે જે દવાના પડીકા તમને મધ સાથે લેવાના કહ્યા હતા તેનાથી તમને કંઇ ફાયદો થયો. ?
દર્દી : તમે પડીકા જરા પાતળા કાગળમાં બાંધજો
ડોક્ટર : કેમ?
દર્દી: બહુ જાડા કાગળનું પડીકુ ગળે નથી ઉતરતું.. !

રફુચક્કર

એક વ્યક્તિ : ચાલ ભાઇ, આપણે અહીંથી રફુચક્કર થઇ જઇએ. સામેથી પેલો જે જાડીયો આવે છે. તે મારી પાસે ૫૦ રૂપિયા માંગે છે. મને જોઇને હમણા ઉઘરાણી કરશે.
બીજો વ્યક્તિ : કંઇ ગભરાવાની જરૂર નથી. હું તેની પાસે ૨૦૦ રૂપિયા માંગુ છુ. તે મને જોઇને ભાગી જશે.

કોઇપણ અતિથિનો સત્કાર કરવામાં નાનું મન રાખવુ નહી એટલે તો 'અતિથિ દેવો ભવ' કહેવાય છે.

નવા શૈક્ષણિક વર્ષને ઉત્સાહ અને ઉમંગથી વધાવો

વેકેશનની રજાઓ માણ્યા બાદ શાળાનાં નિયમિત દિનચર્યામાં પાછુ ફરવું વાલી અને વિદ્યાર્થી માટે સંઘર્ષની પરિસ્થિતિ લાવતુ હોય છે. આ સાથે નવા શૈક્ષણિક વર્ષમાં ઘણા નવીન પરિવર્તન આવતા હોય છે. જેમકે નવો વર્ગ, નવો અભ્યાસક્રમ, નવા પુસ્તકો, નવા મિત્રો નવું સમય પત્રક વગેરે. એક સાથે આટલુ બધુ નાવીન્યને સંભાળવા માટે વાલી અને વિદ્યાર્થીઓ એ થોડી તૈયારી કરવી પડતી હોય છે. જો નવા શૈક્ષણિક વર્ષને કાર્યબોજ અને ઉદાસીનતાથી નહી પણ ઉત્સાહ અને ઉમંગથી વધાવવું હોય તો થોડી તૈયારી કરી અને નવા વર્ષમાં પ્રવેશ કરવો જોઈએ.

નવા શૈક્ષણિક વર્ષને ઉત્સાહ અને ઉમંગથી વધાવવા માટેની તૈયારી કેવી રીતે કરીશુ.?

નવી માળખાકીય સુવિધા



ઉનાળાની રજાઓમાં સામાન્ય રીતે શાળામાં માળખાકીય સુવિધાને લઇને પરિવર્તન તેમજ સુધારો – ઉમેરો થતો હોય છે. ૩૫ દિવસની લાંબી રજાઓ ગાળ્યા બાદ શાળામાં જવું એ એક આનંદ અને ઉત્સાહની વાત છે. આટલા દિવસ બાદ શાળામાં પ્રવેશીએ તો જરૂરથી કંઇક નાવીન્ય જોવા મળતુ હોય છે. જેમાં રમત ગમતના નવા સાધનો, અદ્યતન અને આકર્ષક કોમ્પ્યુટર લેબ, તથા લાયબ્રેરી નવા વિભાગો વગેરેનો સમાવેશ થતો હોય છે. વિદ્યાર્થી તરીકે આપણી ફરજ હોય છે કે આવી માળખીય સુવિધાનો યોગ્ય ઉપયોગ કરવો અને તેની જાળવણી કરવી. આવુ કરવાથી શાળા સંચાલકોને શાળાની સુવિધામાં સતત સુધારો કરતા રહેવાની પ્રેરણા મળતી હોય છે. જે પરિણામ સ્વરૂપે આપણને જ અભ્યાસમાં લાભકારક સાબિત થાય છે.

નવો વર્ગખંડ

નવા શૈક્ષણિક સત્રમાં ઉપલા વર્ગમાં બઢતી મેળવી હોય એટલે સહજ છે કે નવો વર્ગખંડ પણ મળશે. નવા વર્ગખંડમાં પ્રવેશવાનો ઉત્સાહ અનેરો હોય છે. બની શકે કે નવો વર્ગખંડ વધુ સુવિધા યુક્ત અને હવા – ઉજાસવાળો હોય તો ક્યારેક એવુ પણ બને કે વર્ગખંડની ભૌગોલિક જગ્યાના કારણે ત્યા સુવિધા ઓછી માત્રામાં હોય વિદ્યાર્થી તરીકે જ્યારે આપણે નવા વર્ગખંડને લઇને ઉત્સાહમાં હોય તેવી જ રીતે તેમાં રહેલી સુવિધા કોઇ અપૂર્ણતા હોય તો તેના માટે પણ આપણી માનસિક તૈયારી હોવી જોઇએ. આવી તૈયારીથી આપણે આપણા વિપરિત અનુભવ માટે તૈયાર થઇએ છીએ. અને તેની સહજ સ્વીકૃતિના અનુભવોને સુખદ કરી શકીએ છીએ.

નવો સહપાઠિ મિત્ર

નવા શૈક્ષણિક સત્રમાં નવા વર્ગખંડમાં નવી બેઠક વ્યવસ્થા લાગુ પડવાથી એવુ બને કે પાછલા વર્ષમાં જે સહપાઠી મિત્ર આપણી સાથે બેઠક ધરાવતુ હોય તેની અવેજીમાં નવા વ્યક્તિ સાથે આપણે બેસવુ પડે ઘણીવાર આ નવી વ્યક્તિ આપણને આનંદ આપે ન પણ આપે તેના માટે આપણે તૈયાર રહેવુ જોઇએ. નવા સત્રમાં નવા મિત્રો થાય એ જરૂરી છે. વ્યક્તિના જીવનમાં નવા મિત્રો બનાવવાનો ઉત્તમ સમય વિદ્યાર્થી અવસ્થા છે. આપણી શાળાએ એક માત્ર સ્થળ છે એ આપણને નવા મિત્રો પ્રાપ્ત થતા હોય છે. તો આનો આનંદ મેળવવો જોઇએ અને મહત્તમ લાભ લેવો જોઇએ.

નવા સત્રમાં નવી બેઠક વ્યવસ્થા

નવા સત્ર સાથે સહજપણે નવી બેઠક વ્યવસ્થા લાગુ પડતી હોય છે. ઘણીવાર એવુ બને કે આપણી બેઠક આપણી મનપસંદ જગ્યામાં મળે જ્યાં હવા-ઉજાસ પૂરતી માત્રામાં હોય જ્યારે ઘણીવાર આપણી બેઠક ખુણામાં પણ આવી શકે. જ્યાં પંખાની હવા પણ ન પહોંચતી હોય. પાછલા વર્ષમાં આપણી બેઠક વર્ગમાં આગળના ભાગમાં આવેલ હોય જ્યારે નવા વર્ષમાં ઉંચાઇ વધી હોવાના કારણે આપણી બેઠક વર્ગમાં પાછળના ભાગમાં આવી શકે. આવા કોઇ પરિવર્તનથી આપણે અણગમાની લાગણી ઉત્પન્ન થવા દેવી જોઇએ નહીં અને જરૂર જણાય તો વર્ગ શિક્ષકને સમયાંતરે યોગ્ય રજુઆત કરવી જોઇએ. બેઠક વ્યવસ્થામાં સમયાંતરે પરિવર્તન આવતા હોય છે. ત્યારે ઘણીવાર આપણને મનપસંદ બેઠક વ્યવસ્થા પ્રાપ્ત થાય અને ન પણ થાય આવી બધી પરિસ્થિતિ માટે વિદ્યાર્થીએ માનસિક તૈયારી રાખવી જોઇએ.

નવા વર્ગ શિક્ષક

નવા સત્ર સાથે નવા વર્ગ શિક્ષક હોવાથી વિદ્યાર્થીમાં અનેરો ઉત્સાહ હોય છે. વિદ્યાર્થીઓ હર હંમેશ નવા શિક્ષકોને પોતાની પ્રતિભા બતાવવા તેમજ પોતાનામાં રહેલા ગુણ દર્શાવવા તત્પર હોય છે. દરેક વિદ્યાર્થીને મનમાં હોય છે કે શિક્ષક તેના પ્રત્યે ભાવની લાગણીથી જોડાય અને તે શિક્ષકોનો પ્રિય વિદ્યાર્થી બની રહે. ઘણીવાર આવુ ન થવાથી વિદ્યાર્થી નીરાશ થતો હોય છે. આવી પરિસ્થિતિમાં વિદ્યાર્થી તરીકે આપણે સમજ કેળવવી જોઇએ કે વર્ગ શિક્ષકને ઘણા કાર્ય હોય છે. જેના કારણે ક્યારેક આપણી તરફ તેમનુ ધ્યાન વધુ-ઓછુ રહે આવી કોઇ પરિસ્થિતિને ધ્યાનમાં લઇને નીરાશ થવાને બદલે વિદ્યાર્થી તરીકે પોતાની ફરજ બજાવી અને શિક્ષક પ્રત્યે આદર-ભાવ રાખવો જોઇએ. જો તમે આટલુ કરશો તો જરૂરથી શિક્ષકને તમારા પ્રત્યે ભાવ ઉભો થશે.

નવા પુસ્તકો

નવા સત્રમાં નવા પુસ્તકોથી નવા અભ્યાસક્રમ તરફ આપણે આગળ વધવાનુ હોય છે. નવા પુસ્તકોમાં ઘણુ નાવીન્ય હોવાની શક્યતા હોય છે. જેમકે વિવિધ ચિત્ર, ડાયાગ્રામ, ઉદાહરણો અને સમજુતી માટેની નવિન પદ્ધતિઓ જ્યાં આપણે ગણિત કે વિજ્ઞાન જેવા વિષયમાં રહેલ પદ્ધતિને હજીતો માંડ સમજ્યા હોય ત્યાં નવા વર્ષમાં તે પદ્ધતિ બદલી જતી હોય છે. પુસ્તકોમાં થતા પરિવર્તનોથી આપણે ચિતિંત થવુ જોઇએ નહીં. કારણકે તેનાથી પરિચિત કરવાનું કાર્ય વિષય શિક્ષકનું હોય છે. અને સામાન્ય રીતે જે-તે વિષય શિક્ષક પોતાના વિષયમાં નિપુણ હોવાથી ખૂબજ સરળતાથી તેની સમજુતી આપતા હોય છે. વિદ્યાર્થી તરીકે આપણે આપણા પાઠ્ય પુસ્તકો આખા વર્ષ દરમ્યાન યોગ્ય જાળવણી કરી રાખીએ એટલુ જ પર્યાપ્ત હોય છે. આપણે આપણા પુસ્તકોની યોગ્ય જાળવણી માટે કવર ચઢાવી લેબલ મારવા જોઇએ. તેમજ ફાટે નહી અને ખરાબ ન થાય તેની તકેદારી રાખવી જોઇએ.

નવો અભ્યાસક્રમ

નવા સત્ર સાથે અભ્યાસક્રમમાં પણ પરિવર્તન આવતા હોય છે. આ પરિવર્તનો વિદ્યાર્થી માટે હંમેશા લાભદાયક હોય છે. પ્રકૃતિ બદલે છે, જરૂરીયાતો બદલે છે, મોજ-શોખના સાધનો બદલે છે. એટલે કે બદલાવ સતત હોય છે આવી પરિસ્થિતિમાં અભ્યાસક્રમમાં બદલાવ આવવો તે સહજ છે. અને વિદ્યાર્થીઓના હિતમાં છે. અભ્યાસક્રમમાં આવેલ કોઇપણ પરિવર્તનને સહર્ષ સ્વીકારવો જોઇએ. અભ્યાસક્રમમાં પરિવર્તન લાવવા માટે જે તે શિક્ષણ બોર્ડ ઘણી જહેમત ઉઠાવતી હોય છે. જેમા વિષય નિષ્ણાંતએ પણ પોતાનો સર્વોચ્ચ ફાળો આપ્યો હોય છે. શિક્ષણ એક પ્રયોગ છે. અને પ્રયોગમાં સફળતા કે નિષ્ફળતા સમાયેલી હોય છે. વિદ્યાર્થી તરીકે આપણે શિક્ષણમાં થતા પરિવર્તનને સ્વીકારી અને શિક્ષણના એક લાભાર્થી તરીકે પોતાનો ફાળો પ્રદાન કરવો જોઇએ. પરિવર્તનની માનસિક તૈયારી માટે આપણે જ્યારે નવા સત્રમાં પ્રવેશતા હોય છે. ત્યારે શિક્ષણનો પ્રયોગ સફળ થતો હોય છે.

નવી વાહન વ્યવસ્થા

જો તમે સ્કૂલની વાહન વ્યવસ્થા અથવા સ્વતંત્ર વાહન વ્યવસ્થા દ્વારા સ્કૂલમાં આવવા-જવા માટે ઉપયોગ કરતા હોય તેમા પણ પરિવર્તનની શક્યતા રહેલી હોય છે. સ્કૂલ બસમાં બેઠક વ્યવસ્થા, બસ સ્ટોપની જગ્યા તેમજ લેવા મુકવાનો સમય ફેરફારને પાત્ર છે. જ્યા પાછલા વર્ષમાં સ્કૂલ બસ આપને પ્રથમ લેવા આવતી હોય ત્યા આપણો વારો મધ્ય અથવા અંતમાં આવી શકે આવા કોઇપણ ફેરફારથી ચિંતિત ન થઇને આપણે તેને અનુરૂપ થવા પ્રયત્નો કરવા જોઇએ. અને આપણો સહયોગ નોધાવવો જોઇએ.



નવા સત્રમાં કસોટીનું સમય પત્રક

નવા સત્રમાં ઘણાં પરિવર્તન થતા હોય છે. જેમા આ વર્ષે ખૂબજ અગત્યનો પરિવર્તન આવ્યો છે તે સેમેસ્ટર પ્રથા નાબુદ થઇ છે. એટલે કે નવા સત્રથી સેમેસ્ટરની જગ્યાએ ત્રિ-માસિક, નવ-માસિક અને વાર્ષિક પરીક્ષા લેવાશે. આ પરિવર્તનના કારણે જ્યાં ગત વર્ષે ૬ મહિનામાં કસોટી લઇ અભ્યાસક્રમ પૂર્ણ થતો હતો. એની જગ્યાએ આખા વર્ષ દરમિયાન ચાલશે. એટલે કે નવા વર્ષમાં કસોટીનું સમય પત્રક બદલાશે. જેને વિદ્યાર્થી તરીકે આપણે વધાવવુ જોઇએ.

શાળાકિય સંચારની માધ્યમની નવી પ્રણાલી

અભ્યાસમાં અને શાળા સંચાલનમાં ટેક્નોલોજી પ્રવેશવાથી અધ્યયન-અધ્યાપન પદ્ધતિ અને શાળાકિય સંચાર પદ્ધતિમાં ઘણાં પરિવર્તન આવ્યા છે. જ્યાં અગાઉ માત્ર વ્યાખ્યાનથી સમજુતી અપાતી હતી. ત્યાં હવે દ્રષ્ય - શ્રાવ્ય સાધન દ્વારા અધ્યતન સોફ્ટવેરથી સમજુતી અપાય છે. તેવી રીતે જ્યા અગાઉ વિદ્યાર્થીના અભ્યાસકિય પ્રગતિનો અહેવાલ મહિને કે ત્રણ મહિને મળતો હતો. ત્યાં અધ્યતન સોફ્ટવેર મદદથી એસ.એમ.એસ. ઇમેલ કે મોબાઇલ એપ્લીકેશન વડે વાલીને ત્વરીત પરિણામની જાણ કરતા હોય છે. એટલે કે વિદ્યાર્થી ઘરે પહોંચે તે પહેલા કસોટીમાં મેળવેલ ગુણ વાલીને મળી જતા હોય છે. આવી જ રીતે શાળાઓ રોજ-બરોજનુ કાર્ય પણ એસ.એમ.એસ. કે મોબાઇલ એપ્લીકેશન વડે વાલીને જણાવતા હોય છે. આવા કોઇ પરિવર્તન જો તમારી શાળામાં થયેલ હોય તો સહર્ષ સ્વીકારી લાભ મેળવવો જોઇએ.

અંતઃ નવા વર્ષમાં ઘણા બધા નવા પરિવર્તન સાથે સુસજ્જ થઈ અને ઉત્સાહ અને ઉમંગથી સ્વીકારવા તૈયાર રહેવુ જોઈએ. નવુ સત્ર આપણને સૌને લાભદાયક તેમજ સુખદ અનુભવોથી સમ્પન્ન રહે તેવી શુભેછાઓ.

ડો. વિશાલ વારીયા
આચાર્ય, રાજકોટ

"બાળકના વકતૃત્વ કલા વિકાસમાં સમાજના વિવિધ આયામોની ભૂમિકા"

આપણા જીવનની પ્રત્યેક પળે આપણે એક યા બીજી જાતના વ્યવહાર કરતા રહીએ છીએ. વળી, આપણે બીજા બધા પ્રાણીઓ કરતા આપણી ભાષાના કારણે જુદા પડીએ છીએ. આ ભાષા થકીજ આપણે આપણા વિચાર, લાગણી અને વ્યક્તિત્વને દર્શાવતા હોઈએ છીએ. આ ભાષાનો અસરકારક ઉપયોગ એટલે વકતૃત્વ કલા. દરેક બાળકમાં બોલવાની શક્તિનું પ્રકટીકરણ શ્રવણ અને નકલનાં સંયોજનથી શરૂ થાય છે. ત્યારબાદ ટૂંકા ટૂંકા શબ્દો, અઘરા શબ્દો અને વાક્યો સુધી તે ક્રમશઃ પહોંચે છે.

આજનો યુગ જ્ઞાન, વિજ્ઞાન અને માહિતીનો યુગ ગણાય છે. ત્યારે જીવનના દરેક ક્ષેત્રે વકતૃત્વ કલાનુ મહત્વ ખૂબ વધી જાય છે. કારણકે જ્ઞાનને પ્રસ્તુત કરવા માટે અને મેળવવા માટે વકતૃત્વ કલા ખૂબ ઉપયોગી થઈ પડે છે. જ્ઞાન હોય પરંતુ તેને યોગ્ય રીતે પ્રસ્તુત કરવામાં ન આવે તો તે જ્ઞાનનો કશોયે અર્થ સરતો નથી. ત્યારે બાળકમાં વકતૃત્વ કલાનો વિકાસ જીવનનાં શરૂઆતના તબક્કામાં જ થાય તે ખૂબ જરૂરી છે. આવી કલા વિકસાવવામાં સમાજના વિવિધ આયામોની ચોક્કસ ભૂમિકા અને જવાબદારી રહેલી હોય છે. જેની આપણે અહી ચર્ચા કરીશુ.

મા-બાપ અને કુટુંબની ભૂમિકાઃ બાળકના જીવનની પ્રથમ પાઠ-શાળા તેનું પોતાનુ ઘર છે. તે પોતાના ઘરેથી જ ભાષા શીખવાનો પ્રારંભ કરે છે. આપણે ત્યાં તો કહેવત છે ને કે 'ઘરની વાણી પોપટ બોલે' – અર્થાત ઘરમાં જે પ્રકારનું વાતાવરણ અને માણસો હોય તે પ્રકારની ભાષા અને વકતૃત્વ કલા બાળકમાં વિકસતી હોય છે. આ કારણસર મા-બાપે બાળક સામે શું અને કેવી રીતે બોલે છે તેની ખાસ કાળજી લેવી જોઈએ. મા-બાપમાં જો પહેલેથી જ વાણી – વિચાર શુદ્ધિ હોય તો તે બાળકમાં આપો આપ આવવાની જ છે. ટી.વી.માં આવતા રીયાલીટી શોઝ અને જાહેરાતના ભ્રામક પ્રચારના કારણે આજ – કાલ મા-બાપના મનમાં એક એવો ભ્રમ પેસી ગયો છે કે બાળક બધાની સામે પોપટની જેમ ગોખેલુ અને સારૂ સારૂ બોલી જાય તેને વકતૃત્વ કલા કહે છે. વળી આના માટે બાળકોને વકતૃકત્વ કલાના કલાસીસમાં મોકલવા જ પડે ! ખરેખર એવું નથી, બાળક હંમેશા સાચુ જ બોલે અને સારી રીતે બોલે તેવો આગ્રહ દરેક મા-બાપે રાખવો જોઈએ.

આઝાદી મળ્યા પહેલાની એક મીટીંગમાં આપણા એક લોકસેવક ૧૦ મીનિટ મોડા આવ્યા. બધા તેને કટૂ વચનો કહેવા લાગ્યા. કોઈ બોલ્યુ 'કામતો અમારે પણ હોય છે. અમે કાંઈ નવરા નથી.' તો વળી કોઈએ કહ્યું, 'આટલી ગંભીર બાબતને પણ તમે સમજતા નથી.' પરંતુ બધા વચ્ચેથી ગાંધીજી માત્ર એટલુ જ બોલ્યા. 'હશે ભાઈ જવા દો ૧૦ મિનિટ મોટી આઝાદી મળશે, બીજુ શું' આને કહેવાય વકતૃત્વ કલા. બીજા માણસો બોલ્યા તે પણ ખોટું નહોતું પરંતુ તેમની વાત કહેવાની રીત બરાબર નહોતી.

આમ, દરેક મા-બાપે બાળકને વાતની પ્રસ્તુતિ કેમ કરાય તે ખાસ શીખવવું જોઈએ.

શિક્ષકની ભૂમિકાઃ ભાષા અને વકતૃત્વ કેળવણી અંગેની મા-બાપ અને શિક્ષકની ભૂમિકામાં મુખ્ય તફાવત વ્યાકરણનો છે. સામાન્ય માણસ બોલતી વખતે પોતાની વાત સામેવાળાને સમજાય જાય તેનો આગ્રહ રાખે છે. પરંતુ તે વ્યાકરણ શુદ્ધ હોય અને ન પણ હોય શિક્ષકે બાળકનું વ્યાકરણ શુદ્ધ કરવામાં ખૂબ મહત્વની ભૂમિકા ભજવવાની હોય છે. વાક્યમાં પદ-ક્રમ, આરોહ-અવરોહ અને યોગ્ય શબ્દનો યોગ્ય જગ્યાએ પ્રયોગ કરાવતા શીખવવું જરૂરી છે. પણ આ બધા કરતાયે શિક્ષકે જે અગત્યના બે કામ બાળકની વકતૃત્વ શક્તિ ખીલવવા માટે કરવાના છે. એ – બાળકના મનમાંથી સ્ટેજ ફિયર દૂર કરી તેને સહજતાથી બોલતું કરવાનું અને તે બોલવાનું શરૂ કરે ત્યારથી તેને પ્રોત્સાહન આપી આગળ ધપાવવાનું ત્યારબાદ આગળના તબક્કે બાળક વાતનો વિકાસ ક્રમમાં કરતું થાય અને ગોખણ પટ્ટીથી બચે તે માટે તે મુદ્દાસર બોલે તે ખૂબ જરૂરી છે. વળી, એક શિક્ષક તરીકે બાળકને પૂરી સ્ક્રિપ્ટ લખી દેવા કે લખવા દેવાને બદલે તેને હંમેશા મુદ્દાઓ પર ધ્યાન કેન્દ્રીત કરવાનું કહેતા તે ગોખણપટ્ટીથી બચી શકશે અને ક્રમિકતા જાળવી શકશે.

બાળકની પોતાની ભૂમિકાઃ બાળકો આજે જ્યારે માહિતીનો રાફડો ફાટ્યો છે ત્યારે સૌથી મોટુ જ્ઞાન તો એ છે કે 'તું પોતે જ તારો ગુરૂ થા' આજે યુટ્યુબ, ફેસબુક, વોટસઅપ ઉપર વકતૃત્વ કલાને લગતા કેટલાયે વિડિયોઝ મૂકેલા છે. તેનો ખાસ અભ્યાસ કરો. રાધા મહેતાથી લઈને જય વસાવડા સુધીના વક્તાઓ આપની આંગળીના ટેરવાની રાહ જુએ છે. ત્યારબાદ આપ આપનો જ અવાજ મોબાઈલ ફોનમાં રેકોર્ડ કરીને સાંભળો અને વડીલોને સંભળાવો આનાથી પણ ઘણું માર્ગદર્શન મળી શકશે.

સાંપ્રત વિષયો પરની એક બુક બનાવી તેના મુદ્દાઓ ઘરમાં, નિશાળમાં અને જાહેર મેળાવડામાં બોલતા થાઓ. ટી.વી. પર પણ સારા સમાચાર વાંચનાર, સંચાલન કરનારા તથા બોલનારાઓના કાર્યક્રમો નિહાળો.

બાલ દોસ્તો, તમારી વકતૃત્વ કલા વિકસાવવા માટે આજે તમારા હાથમાં કેટલાયે માધ્યમો તથા માર્ગદર્શકો છે. તમારે તો માત્ર એ મુઠ્ઠી ખોલીને આખીયે દુનિયાને તમારી મુઠ્ઠીમાં કરવાની છે.

ધર્મેન્દ્ર કનાલા
શિક્ષક, સાવરકુંડલા

જીવન બદલવું તમારા હાથમાં છે ? કેવી રીતે ?

દરેક માનવમાત્રને મનમાં તો એમ જ હોય છે કે, હાલમાં જે રીતે હું જીવી રહ્યો છું તેમાં મારે કાંઈક સુધારા કરવા છે, પણ !! કોઈક ને કોઈક કારણસર તે તેની જીવનની ઘટમાળમાંથી બહાર નીકળી શકતો નથી. તેમાંથી નીકળવું છે. તો તેના માટે એક જ રસ્તો છે.

હવે આવનારો દશકો મારા જીવનનો સૌથી સારામાં સારોને મહત્વનો છે તેને જોવા માટે થોડાક ફલેશબેક પાછળ જઈએ કે મારા જીવનના કેટલાક સારા અને કેટલાક ખરાબ પ્રસંગોની સ્મૃતિ કરીએ, તેની સામે આજે જે સ્થિતિ કે પરિસ્થિતિ છે તેનો વિચાર કરીએ અને તેની સાથે અને તેની સામે આપણે કેવું જીવન જીવી રહ્યા છીએ અને કેવું જીવવાની ઈચ્છા છે. તો

- જો તમે તમારા વિચારો બદલી શકો તો જ તમે તમારી જીંદગી બદલી શકો છો. વિચારવાનો દૃષ્ટિકોણ બદલવાની જરૂર છે. જેમકે હવે મારો સારો સમય આવી રહ્યો છે અને હું વધુ ને વધુ સ્વસ્થ થઈ રહ્યો છું.
- દિમાગનું પેટર્ન બદલવાની પણ જરૂર છે જેમકે મારા જીવનની કઈ ચીજો સારી છે અને કઈ મારે આચરણમાં મુકીને શરૂ કરવા જેવી છે. આમ કરવાથી એક આદત જ બની જશે અને તમે એક સહજ જ હકારાત્મક અને સકારાત્મક વલણ જીવનને સ્વીકારીને નવું જીવન બનાવવાનું શરૂ કરી દેશો.. તેનો અંતરમાં આનંદ આવશે. હા હું કરી શકુ છું. આ ભાવ જ તમને આગળ લઈ જશે.
- અચાનક જ તમને જે બાબતો ચીજો કે વિચારો કે પછી પરિસ્થિતિ હેરાન પરેશાન કરે છે તેને એક ઝાટકે દૂર કરવાનો પ્રયત્ન શરૂ કરી દો. ભલે ડર લાગે, ફોબીયા હોય કે આત્મવિશ્વાસ ન હોય તમારું મન જ તમારું દુશ્મન છે અને તમારું મન જ તમારો દોસ્ત છે. તેને ક્યા રૂપમાં રાખવો છે તે તમારા જ હાથમાં છે.

૧. મારે મારી ફાંદ ઉતારવી છે. રોજ ચાલવા જવાનું શરૂ કરી દો – ડાયટ કન્ટ્રોલ કરી દઉં – અલ્ટ્રાસાઉન્ડ થેરપીથી મારી ફાંદ પાંચ જ મિનીટમાં બે ઈંચ ઉતરી તો એવી કોઈ ટેકનોલોજીનો ઉપયોગ આજથી જ શરૂ કરી દઉં અને એક ડેડલાઈન નક્કી કરી દઉં કે ત્રણ મહિનામાં હું હેન્ડસમ થઈ જઈશ. હવે હું ખુશ છું અને આ ખુશીનું રહસ્ય પણ હું જ છું મને મારા જ મન અને મારા જ શબ્દોએ જગાડ્યો છે.. એનો પણ હું આભાર માનુ છું (એટલે કે હું મારી જાતને એપ્રિશીએટ કરી રહ્યો છું આગળ વધી રહ્યો છું, હવે હું ખુશ છું)

૨. એટલુ જ નહી મને એક ખેંચાણનો અનુભવ થાય છે કે હવે કુદરત પણ મારી સાથે જ છે લોકો મને બોલાવે છે, પ્રેમ કરે છે ભવિષ્યનું ચિત્ર પણ હવે મને દેખાય છે. મારી જીંદગી બદલાઈ રહી છે. હું એક સંપૂર્ણ નવો યુનિક બની રહ્યો છું.. જે મારે બદલવું જોઈતુ હતું.. હવે એ બદલાવનો પણ અનુભવ કરી રહ્યો છું.. અને મારે જે જગ્યાસુધી પહોંચવાનું હતું.. તે દિશામાં જ રહ્યો છું.. ખેર, થોડું મોડું થયું હોય એમ લાગે છે પણ મને મક્કમ નિર્ધાર છે કે હું એ એચિવ કરીને જ રહીશ..

જે હું વિચારતો હતો અને કોઈને કહી શકતો ન હતો.. મેં જ મારા મનને જગાડ્યું એને ગુલામ બનાવ્યું અને તેની પાસેથી જ કામ લેવાનું શરૂ કર્યું છે. હવે મને એક શહેનશાહની અનુભૂતી થઈ રહી છે.

૩. આમ થવાથી હવે મારા શબ્દો, વાણી, દૃષ્ટિ, ચાલ અને વિચારધારા પણ બદલાતી હોય તેવી પ્રતિતિ થાય છે. ખરેખર એવું લાગે છે.. મારામાં અગાધ શક્તિઓ પડી છે. મને મારા પૂર્વજો પણ મદદ કરી રહ્યા છે મારામાં આ બદલાવનું આ પ્રથમ કદમે જાણે મને જાગૃત કરી દીધો હોય તેમ લાગે છે.

૪. ઓહ, મારી માન્યતાઓ પણ બદલાતી જતી હોય એમ લાગે છે. એટલે જ તો આપણે એવું જીવીએ છીએ જે આપણે માનીએ છીએ પણ તે આવે છે ક્યાંથી આપણી સમજમાંથી.. જે મારી સમજ હવે બદલાઈ ગઈ છે અને હવે હું એક નવી દિશામાં.. નવી દશા તરફ એક નવા અવતાર તરફ જઈ રહ્યો છું. હુ આગે કદમ થઈ રહ્યો છું. હવે દુનિયાની કોઈ ચીજ મને રોકી નહી શકે કારણ મારી સાથે કુદરત છે અને હું એ દિવ્ય શક્તિને સાથે લઈને ચાલી રહ્યો છું. મારી એક એક કદમ સફળતાસભર જ છે અને હશે.. એવો આત્મવિશ્વાસ એવી વિભાવનાથી હું ભરપુર છું. હવે જેવું હું વિચારું છું એવું જ બને છે.

૫. એટલે, હવે એના માટે જે વિચારીએ છીએ જે નથી જોઈતું.. હવે વિચારવું પડશે જે મારે જોઈએ છે, જેમ કે બીજાને મદદ કરવી, સેવા કરવી..

૬. હવે તારો વારો છે !!મતલબ, મારામાં જ્ઞાનતો ઘણું જ પડ્યું હતું હવે વાપરવાનું શરૂ કર્યુ

૭. લેટ ગો, જતુ કરવાની ભાવના ભુલી જાઓ.. હું માનુ છું, હું જાણું છું એ બધાજ ચોકઠાને છોડી દો.

૮. તમારા અતિતને માફ કરી દો અને હવે દિલથી વિચારો કરવાનું શરૂ કરી દો જેના તરંગો ઉભા થશે અને હવે નવો અવતાર થયો છે તેમ માની મારા માનવ શરીરમાં એક શક્તિ એવી છે જે વિશ્વની કોઈ શક્તિ તેનો સામનો કરી શકે તેમ નથી. હું અનેક કોષોનો બનેલો છું મારું આ મન શરીરને ઉર્જા આપશે સાતેય ચક્રો ગતિમાન થઈ ચુક્યા છે અને હવે તમારા શરીરને પ્રેમ કરો એ એક એવું સાધન છે જે તમને તમારી મંઝીલ સુધી લઈ જવામાં મદદ કરશે.

અંતમાં, તેમ છતાં હું જેવો છું તેવો ને તેવો હું મને પ્રેમ કરૂ છું. હું મારી જાતને પ્રેમ કરું છું, તેનાથી મેં મારામાં જોશ અને ક્રાંતિ આવે છે.

નરેન્દ્ર રાઠોડ
સેક્રેટરી ટુ ડાયરેક્ટર જનરલ
સ્પીપા, અમદાવાદ.

નિશ્ચય જ સાચામાં સાચી સારામાં સારી ચતુરાઇ છે.

પુસ્તક અને વાંચન પ્રત્યેનો અનેરો પ્રેમ

મોરબી શહેરમાં રહેતા ઘનશ્યામભાઇ કાંગરેને પુસ્તકો અને વાંચન પ્રત્યે ખૂબ જ રૂચી છે. તેને કારણે તેમણે એક અનોખી અને પ્રેરક કામગીરી હાથ ધરી છે. મોરબીમાં ઘનશ્યામભાઇ એકલા મોબાઇલ લાઇબ્રેરી ચલાવે છે. પોતાની અંગત લાઇબ્રેરીમાં તેમણે દર વર્ષે ૨૦૦ જેટલા પુસ્તકો વસાવ્યા છે અને હવે તેઓ લોકોને પણ પુસ્તકો અને વાંચન પ્રત્યે વાળી રહ્યા છે. તેઓ પોતાના વાહન પર નીકળે છે અને જેમને વાંચવાનો શોખ હોય તેમને તેમની રૂચી પ્રમાણેના પુસ્તકો પહોંચાડે છે. વૃદ્ધો, અશક્ત અને જેમને સમયનો અભાવ હોય તેમની પાસેથી પુસ્તક પરત પણ લાવવાનું કાર્ય તેઓ કરે છે. પુસ્તક પાછુ લેતા તે પુસ્તક વાંચકને કેવું લાગ્યું તે પણ પૂછવાનું તે ભુલતા નથી.

આજના જમાનામાં જ્યાં ટેકનોલોજીનો આટલો ઉપયોગ થતો હોય તેમ છતાં વાંચનના મહત્વને વધારવા માટે ઘનશ્યામભાઇ ઘણી સંસ્થાઓ, શાળાઓ અને કોલેજોમાં વાંચનના મહત્વને દર્શાવતા પ્રવચનો પણ કરે છે.

તેમના પુત્રી અને પત્નિ પણ તેમના આ સેવા યજ્ઞમાં તેમની સાથે જોડાયા છે. વાંચનની રૂચી ધરાવનારા લોકો માટે તેમની આ લાઇબ્રેરી હંમેશા ખુલ્લી જ રહે છે. છેલ્લા ૧૨ વર્ષથી તેઓ આ સેવાયજ્ઞ ચલાવી રહ્યા છે. તેમને અનેકવાર આ કાર્ય માટે દાનનો પણ પ્રસ્તાવ આવ્યો પરંતુ તેમણે ખૂબજ સહજતાથી તેને દર વખતે નકારી પણ દીધો. તેઓ દર મહિને પોતાની આવકનો અમુક ચોક્કસ ભાગ પુસ્તકોની ખરીદી માટે રાખે છે. તેમની આ લાઇબ્રેરીમાં ૧૦૦ જેટલા વાંચકો છે જેમાં ૫૦ થી ૬૦ વર્ષના લોકોનો સમાવેશ વધુ છે.

વેદાંતના નવીનીકરણ

વેદાંત ધિરેન ઠાકર મુંબઇના મીરારોડમાં આવેલી શાંતિનગર હાઇસ્કૂલમાં ધોરણ ૬માં અભ્યાસ કરતો વિદ્યાર્થી છે. (મૂળ સ્થળ - ટીન્ટોઇ, તાલુકો – મોડાસા, જી. અરવલ્લી, ઉત્તર ગુજરાત)

બાળપણથી જ વેદાંત કંઇક નવું કરવામાં રસ ધરાવે છે. તે ઇન્વર્ટર, મોટર્સ, ચુંબક. એલઇડી, બેટરી વગેરે સાથે કામ કરે છે.

વેદાંત દયાળુ બાળક છે. જ્યારે એ પોતાના જન્મ સ્થળ ટીન્ટોઇની વર્ષમાં બે વખત મુલાકાત લે છે ત્યારે ઘણી વખત ગામમાં વીજળીના અભાવને કારણે બાળકોને કેરોસીનના લેમ્પ નીચે અભ્યાસ કરતા અને અંધારામાં બાળકો માટે જમવાનું બનાવતી માતાઓને જોવે છે, જેમાં વારંવાર અકસ્માતો થાય છે. ભારતના ગ્રામ્ય વિસ્તારના આ દ્રશ્યો એ તેને ખૂબ પ્રભાવિત કર્યા અને નવીનીકરણ દ્વારા ભારતીયો માટે ગ્રીન અને ફ્રી વીજળી ઉત્પન્ન કરવા માટે એક નવલકથા બનાવવાનો ઇરાદો કર્યો. આજના ભારત માટે જે નિકાલ માટેનો પર્યાવરણીય ગંભીર ખતરો છે તેવા વપરાય ગયેલી લેપટોપ બેટરીના તેના નવીનીકરણ દ્વારા આને શક્ય બનાવ્યું.

૧૮મી ફેબ્રુઆરી ૧૦૧૬ના રોજ વિશ્વ સીએસઆર દિવસ પર તાજ લેન્ડસ એન્ડ મુંબઇમાં 'રિસાયકલ બેટરી પાવર સ્ત્રોત' આ નવીનીકરણ માટે વેદાંતને વિશ્વ સીએસઆર કોન્ગ્રેસ અને ગ્લોબલ સીએસઆર એક્સલન્સી 'સોશીયલ ઇનોવેશન અને આઇકોનીક લીડરશીપ એવોર્ડ' દ્વારા સમ્માનિત કરવામાં આવ્યો. જે લોકો અન્યના જીવનમાં ફેરફાર કરી શકે છે. તેમને સમગ્ર વિશ્વમાંથી પસંદ કરવામાં આવ્યા હતા. ગામડા સુધીની પહોંચ, દેખાવ અને સામાજીક પરિવર્તનની કિંમતમાં યોગદાન કરવાની તેમની આ ક્ષમતાને તેમના કાર્યની ગુણવત્તામાં સમાવવામાં આવ્યા છે.

વેદાંતે તેના નવીનીકરણ પેરેન્ટ માટે અરજી કરી છે. અને ગ્રામ્ય ભારતને સશક્ત કરવા માટેની દિશામાં આગળ વધવા માટે માર્ગ શોધી રહ્યો છે.

બટાટા, ઈંડા અને કોફી બીન તમે શું છો?

એકવાર પુત્રીએ તેના પિતાને ફરિયાદ કરી કે તેમનુ જીવન દુ:ખી કેમ હતુ અને તેને ખબર ન હતી કે તે કેવી રીતે તેને સારૂ બનાવશે. તે હંમેશા સંઘર્ષ કરતા હતા. એક સમસ્યા હલ કરવામાં આવી તેવુ લાગતુ હતુ. ત્યાં બીજી એક સમસ્યા તરત જ આવી ગઇ હોય.

તેના પિતા કે જે રસોઇયા હતા, તે તેને રસોડામાં લઇ ગયા. તેમણે પાણીથી ત્રણ વાસણ ભરી દીધા અને દરેકને આગ પર મુક્યા. એકવાર ત્રણેય વાસણનું પાણી ઉકળવા લાગ્યુ, પછી તેમણે એક વાસણમાં બટાકા, બીજા વાસણમાં ઇંડા અને ત્રીજા વાસણમાં કોફી બીન મુક્યા.

બેસીને તેને ઉકાળ્યુ. પુત્રી, આતુરતાપૂર્વક અને આશ્ચર્ય સાથે રાહ જોઇ રહી હતી કે તેના પિતા શુ કરી રહ્યા છે?

વીસ મિનિટ પછી તેમણે ગેસ બંધ કર્યો. તેમણે વાસણમાંથી બટાટા કાઢ્યા અને તેને વાટકીમાં મુક્યા. તેમણે વાસણમાંથી ઇંડા કાઢ્યા અને તેને વાટકીમાં મુક્યા. પછી તેણે કોફીને બહાર લીધી અને તેને કપમાં મુકી દીધી. તેઓ તેના તરફ વળ્યા પછી પૂછ્યું. 'દીકરી તું શું જુએ છે?' બટાકા, ઇંડા અને કોફી તેણે જવાબ આપ્યો.

તેમણે જણાવ્યુ નજીકથી જુઓ, અને બટાકાને સ્પર્શ કરી જો તેણે એમ કર્યુ અને નોંધ્યુ કે તેઓ નરમ હતા. ત્યારબાદ તેને ઇંડા લેવા અને તોડવા કહ્યુ. શેલને ખોલીને પછી તેણે હુંફાળુ ઇંડુ જોયું. અંતે તેમણે કોફીનો ઘૂંટડો ભરવા માટે કહ્યુ. તેની સમૃદ્ધ સુવાસ ચહેરા પર સ્મિત લાવી.

તેણે પૂછ્યુ 'પિતા, આનો અર્થ શું છે?'

ત્યારબાદ તેમણે સમજાવ્યુ કે બટાકા, ઇંડા અને કોફી ના બીજ, દરેકને એક જ પ્રતિકૂળતાનો સામનો કરવો પડ્યો હતો તે હતું – ઉકળતું પાણી. તેમ છતાં, દરેકની એક અલગ પ્રતિક્રિયા છે.

બટાટા મજબૂત, કઠોર અને અવિરત હતા. પરંતુ ઉકળતા પાણીમાં તે નરમ અને નબળા બની ગયા. જ્યા સુધી ઉકળતા પાણીમાં ઇંડા મૂકવામાં ન આવે ત્યાં સુધી તે કઢણ હોય છે. પણ ત્યારબાદ તેનો પ્રવાહી આંતરડાને સુરક્ષિત રાખે તેવું બને છે.

જો કે, ગ્રાઉન્ડ કોફી બીન અનન્ય હતાં. ઉકળતા પાણીને ખુલ્યા પછી તેઓએ પાણી બદલ્યું અને નવું બનાવ્યું. તેની દીકરીને તેમણે પૂછ્યુ. તમે ક્યાં છો? 'જ્યારે પ્રતિકૂળતા તમારા દરવાજા પર આવી ઉભી હોય છે. તમે કેવી રીતે પ્રતિસાદ આપો છો?'

'તમે બટાટા, ઇંડા અથવા કોફી બીન છો?'

જીવનમાં આપણી આસપાસ વસ્તુઓ થાય છે. વસ્તુઓ આપણા પર થાય છે. પરંતુ એકજ વસ્તુ જે ખરેખર મહત્વની છે તે આપણે કેવો વ્યવહાર કરીએ છીએ તેના પર તેનો પૂરેપુરો આધાર રહેલો છે. જીવન એ શીખવા, અપનાવવા અને રૂપાંતર કરવા વિશે છે.

રંગ પૂરણી

ધોરણ ૧ થી ૪ સુધીના જ વિદ્યાર્થીઓએ ચિત્રમાં રંગ પૂરી અમને ૨૦-૦૬-૨૦૧૭ સુધીમાં નીચેના સરનામે મોકલી આપશો.

ધી ઓપન પેજ, ૪થો માળ, વિશ્વ આર્કેડ, અખબારનગર પાસે, નવાવાડજ, અમદાવાદ-૧૩

શ્રેષ્ઠ રંગ પૂરણીને ભેટ

નામ: ____________________

સ્કૂલનું નામ: ____________________

ધોરણ: ____________ **મો.નં.:** ____________

ફોટો

તૃષ્ણામાં જે આનંદ છે, તે તૃપ્તિમાં નથી – જ્યોતિન્દ્ર દવે.

આપેલા ચિત્રમાં દર્શાવ્યા પ્રમાણે કઈ વસ્તુ અલગ પડે છે તેના ઉપર X કરો

ઉનાળામાં ના વપરાતી વસ્તુ ઉપર ગોળ કરો.

સરખા દેખાતા બે ચિત્રમાંથી દસ તફાવત શોધો



સરખા દેખાતાં ચિત્ર ઉપર ટીક કરો



આપેલા ચિત્રોને ક્રમશ થતી પ્રક્રિયાને નંબર આપી દર્શાવો

ચાલો ઊંટ દોરતા શીખીએ



લ	બ	આ	ચા	ર્ય	છું	ઊ	ન	ત	ગી	સં
સ્કૂ	ખં	ક	શા	ય	ર	સ	લી	યુ	ળ	કો
રૂ	રો	લા	લ	પા	ભા	ભ્યા	સ	મ	વિ	સ્ત
ડ	હા	કા	ત	ર	રા	અ	બ	ડૉ	ધા	પુ
ત	સ્ત	અ	ઝ	મ	વાં	કા	લ	લુ	ર્થી	લા
પુ	ર	લ	લો	ત	પાં	ચ	સ્કૂ	પી	ઓ	ડ
ના	વ	ન	કા	નું	ટ્ટી	વાં	વું	ન	પિ	ખં
રી	ડ્રા	મી	ઉ	મે	ટ	પ	ખા	ખ	વું	ર્ગ
ર	મ	સ	લ	દા	ચા	ફ	ટ	ની	શી	વ
દ	ક	વિ	જ્ઞા	ન	ખ	લે	લી	ફૂ	પા	રે
ગું	બ્લે	ક	બો	ર્ડ	ડ	ખાં	દ	પે	પ	ર

નીચે આપેલા શાળાને લગતા નામ શોધો.

પુસ્તકો	વાંચવું
સ્કૂલ બસ	ફૂટપટ્ટી
કલર	સ્કૂલ
ગુંદર	વિજ્ઞાન
શીખવું	કાતર
પુસ્તકાલય	વિદ્યાર્થીઓ
સંગીત	અભ્યાસ
પેપર	લેખન
રમતનું મેદાન	બ્લેક બોર્ડ
આચાર્ય	વર્ગખંડ

ટપકાં જોડી કલર પૂરો

આપણી પૃથ્વી માટે શું સારું છે ચિત્ર જોઈ ટીક કરો

નીચે દશાવિલા નંબર પ્રમાણે ચિત્રમાં કલર પૂર્ણ કરો.



બાળકને આઇસ્કીમ સુધી પહોચવામાં મદદ કરો.



વિદ્યાર્થી જીવનનો અવિસ્મરણીય અવસર: શાળા પ્રવેશોત્સવ

વિદ્યાર્થી જીવન એ માનવ જીવનનો સુવર્ણ યુગ છે. વિદ્યાર્થી જીવનના અનેક પ્રસંગો માનવીને જીવનભર યાદ રહે છે. તે પૈકી શાળાનો પ્રથમ દિવસ એટલે 'શાળા પ્રવેશોત્સવ' અવિસ્મરણીય બની રહે છે.

વિદ્યાર્થી જીવનના પ્રથમ દિવસની ઉજવણીમાં વિસ્તાર પ્રમાણે થોડી વિવિધતા પણ જોવા મળે છે. સૌરાષ્ટ્રમાં વિદ્યાર્થીને શાળામાં બેસાડવામાં આવે તે દિવસે શ્રીફળ વધેરવામાં આવે અને સહપાઠીઓનું મોં મીઠુ કરાવવામાં આવે તેવી પ્રથા હતી. શાળાનો પ્રથમ દિવસ દરેક વ્યક્તિને અલગ - અલગ રીતે યાદ હોય છે. કોઈક વિદ્યાર્થીએ ખૂબ આનંદ અને ઉલ્લાસ સાથે વિદ્યાર્થી જીવનનો પ્રારંભ કર્યો હોય છે. તો મોટાભાગના વ્યક્તિઓ માટે પ્રથમ દિવસ અજાણી દુનિયામાં પ્રવેશ સમાન હોય છે. માતા-પિતા, દાદા-દાદી, ભાઈ-બહેન અને મિત્રો સાથે મુક્ત રીતે રહેવા ટેવાયેલા બાળકે વર્ગખંડમાં શિક્ષકની સૂચના પ્રમાણે બેસવાનુ. શિક્ષક સાથેની આ યાત્રાનો પ્રારંભ શરૂઆતના દિવસોમાં વિચિત્ર પણ લાગે છે. પાટી-પેન, થેલી લઈને શાળામાં પ્રવેશેલા વિદ્યાર્થીને પાટીમાં (સ્લેટમાં) મોટા અક્ષરે એકડો લખીને ઘૂંટવા આપવા સાથે શિક્ષણ કાર્યનો પ્રારંભ થતો.



આજે શાળા પ્રવેશોત્સવની ઉજવણીમાં ઘણો મોટો ફેરફાર થયો છે. ગુજરાત રાજ્ય સરકારે શાળા પ્રવેશોત્સવને અનોખી રીતે ઉજવવાનો પ્રારંભ કર્યો છે. ગ્રામ્ય અને શહેરી વિસ્તારની સમગ્ર ગુજરાતની શાળાઓમાં પ્રવેશોત્સવની ઉજવણીની રૂપરેખા અને તારીખો રાજ્ય સરકાર દ્વારા નક્કી કરવામાં આવે છે. રાજ્યના મુખ્યમંત્રીશ્રી થી લઈને તમામ મંત્રીશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ, ઉચ્ચ અધિકારીઓ, સ્થાનિક કાર્યકર્તાઓ વગેરે શાળાઓમાં જઈને નાના-નાના ભૂલકાઓના ભાલમાં કુમકુમ ચાંદલો કરીને તેમજ મોં મીઠુ કરીને વાજતે ગાજતે વિદ્યાર્થીઓને આવકારે છે. આ પ્રસંગ જો શાળાના પ્રારંભના પ્રથમ દિવસે જ મનાવવામાં આવે તો વધારે દીપી ઉઠે.

ખાનગી શાળાઓમાં પણ શાળા પ્રવેશોત્સવની ખૂબજ ઉત્સાહથી ઉજવણી કરવામાં આવે છે. પહેલા ધોરણના વિદ્યાર્થીઓના વર્ગખંડને શણગારીને 'બાલદેવો'ને પુષ્પ આપીને શાળામાં આવકારવામાં આવે છે. વર્ષો પહેલા પ્રથમ દિવસના શૈક્ષણિક કાર્યનો પ્રારંભ પાટીમાં એકડો ઘૂંટવાથી કરવામાં આવતો તેમાં પણ ઘણો મોટો ફેરફાર જોવા મળે છે. બાળગીત, અભિનય ગીત અને બાળવાર્તા તેમજ રમતથી હવે શૈક્ષણિક કાર્યનો પ્રારંભ થાય છે. પાટી-પેનનું સ્થાન હવે નોટબુક અને પેન્સિલે લઈ લીધુ છે. વિદ્યાર્થી

ઓનું માન વધ્યુ છે. સાથે સાથે દફતરનું વજન પણ વધ્યું છે.!

શાળા પ્રવેશોત્સવની ઉજવણીમાં સમયાંતરે બદલાવ આવ્યા છે. સદીઓ પહેલા ભારતમાં ગુરૂકુળ શિક્ષણ પ્રણાલી હતી. વિદ્યાભ્યાસ માટે માતા-પિતાથી દૂર ગુરૂકુળમાં જવાનુ રહેતુ. ગુરૂકુળમાં પ્રવેશ પામનાર વિદ્યાર્થીઓનું વૈદિક મંત્રોચ્ચાર સાથે સ્વાગત કરવામાં આવતુ. આશ્રમમાં પ્રવેશ મેળવનાર તમામ વિદ્યાર્થીઓને એક સમાન રીતે રાખવામાં આવતા. અમીર-ગરીબ એવા કોઈ ભેદભાવ રાખવામાં ન આવતા. તમામ વિદ્યાર્થીઓએ આશ્રમના દરેક કાર્યો વારાફરતી કરવાના રહેતા. આથી તમામ વિદ્યાર્થીઓ દરેક કાર્યમાં કૌશલ્ય પ્રાપ્ત કરતા હતા.

શાળા પ્રવેશોત્સવ માત્ર એક દિવસનો કાર્યક્રમ બની ન રહે તે જોવાની ખાસ જરૂર છે. દરરોજ શાળાનો પ્રારંભ ખૂબજ આનંદ અને ઉલ્લાસથી થાય. પ્રાર્થનાની શરૂઆત પહેલા બે-પાંચ મિનિટ સુધી સંગીત સાથે મુક્ત મને નાચે તેવુ આયોજન કરવુ જોઈએ. સંગીત અને નૃત્ય માનવીના આનંદ અને ઉત્સાહમાં વધારો કરે છે. દરરોજ શૈક્ષણિક કાર્યનો પ્રારંભ આવા ઉત્સાહ સભર વાતાવરણથી કરવામાં આવશે તો શૈક્ષણિક યાત્રા વધુ આનંદમય બની રહેશે.

શબ્દ સિંધુ :

ચાલો, શાળાની શિક્ષણ પદ્ધતિ એવી બનાવીએ,
વિદ્યાર્થીને શાળાએ આવવું આનંદદાયી લાગે,
શાળામાં રજા એ સજા લાગે.

રાજેશ ધામેલિયા
શિક્ષક, સુરત

DON'T DO THAT.. DEAR STUDENTS..

સચિન તેંડુલકર દસમા ધોરણમાં નાપાસ થયા હતા. અને આજે મહારાષ્ટ્ર બોર્ડના દશમાં ધોરણમાં સચિન ઉપર એક પાઠ ભણવામાં આવે છે.

અમિતાભ બચ્ચન રેડિયોની પરીક્ષામાં ફેઈલ થયા હતા અને આજે આખી દુનિયા બચ્ચન સાહેબના અવાજ ઉપર ફીદા છે.

પૂજ્ય મોરારીબાપુ દશમામાં ત્રણ વખત નાપાસ થયા હતા પરંતુ આજે ત્રણ વખત પી.એચ.ડી. કરેલા લોકો પણ પૂજ્ય બાપુને નવ-નવ દિવસ સુધી પલાઠીવાળીને સાંભળે છે.

પ્રમુખ સ્વામિ મહારાજે ધોરણ -૬ સુધી અભ્યાસ કરેલો છતાંય વિશ્વમાં હિન્દુ ધર્મનો પ્રચાર અને પ્રસાર કરતા હજારો મંદિરો તથા સ્કૂલ-હોસ્પિટલનું નિર્માણ કર્યુ.

મહાત્મા ગાંધી, આલ્બર્ટ આઈન્સ્ટાઈન, વિન્સ્ટન ચર્ચિલ,બિલ ગેટ્સ, ધીરૂભાઈ અંબાણી વગેરે મહાનુભાવો પણ નાપાસ થયા હતા અથવા ઓછા માર્કસ લાવ્યા હતા.



એનો મતલબ એવો નથી કે નાપાસ થાય એજ સફળ થાય પરંતુ નાપાસ થયા પછી પણ સફળ થઈ શકાય છે. શરત એટલી કે જીવતા રહેવું જોઈએ!

માટે કદાચ ઓછા ટકા આવે કે નાપાસ થાવ તો પણ આપઘાત કરવાનું તો સપનામાં પણ ન વિચારશો. ઉપરવાળાએ જીંદગી જીવવા માટે આપી છે, મરવા માટે નથી આપી.

જે વિદ્યાર્થીઓને કંઈ ખોટું કરવાનો વિચાર આવે એ લોકોએ રસોડાના બારણાં પાછળ સંતાઈને કામ કરતી પોતાની માતાના ચહેરા સામે ધારી – ધારીને જોયા કરવું અને પોતાની જાતને

પૂછવુ કે કોણ મોટું તને ૯-૯ મહિના ઉદરમાં રાખી મોતની સામે બાથ ભીડી તને જન્મ આપનાર અને આટલો મોટો કરનાર તારી માં મહત્વની છે કે તારૂ પરિણામ?

જો હું કંઈ ખોટું કરીશ તો મારી વહાલી માં પર શી વીતશે?

તમે બોર્ડમાં સારા માર્કસ લાવશો તો તમારા મા-બાપને અવશ્ય ગૌરવ થશે પણ તમે ઓછા ટકા લાવશો કે નાપાસ થશો તો તમારા મા-બાપનું માથુ શરમથી ઝુકી જશે એવો ભ્રમ મગજમાંથી કાઢી નાખજો.

મોટા ભાગે ખોટું કરવાનો વિચાર 'સમાજમાં આપણી શું આબરૂ રહેશે' એવી ખોટી બીકના લીધે

જ થતા હોય છે.

માટે, વિદ્યાર્થી ભાઈ-બહેનો ખૂબ મહેનત કરો. મહેનત કરવામાં આળસ ન કરવી. પરીક્ષા આપ્યા પછી જે પરિણામ આવે એને સહર્ષ સ્વાકરતા શીખવું.

ગૌરાંગ દેસાઇ
શિક્ષક, દાહોદ

RNI REGN.NO. GUJGUJ/2015/64872 Published by Archit Bhatt, Managing Editor and Printed by him at Bhavik Publication Pvt. Ltd., Plot No. 36/2, Opp. Umiya Campus, Near Silver Oak Club, S. G. Highway, Gota, Ahmedabad 382 481.
All articles have been selected and scrutinized by Sub editor Ms. Jyoti Parmar. The Open Page: 4th Floor, Vishwa Arcade, Nr. Akhbarnagar, Opp. Kum-kum Party Plot, Nirnaynagar, Ahmedabad. Ph. No. 079-27621385, 27621386